1st Cover Page


શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ઑગસ્ટ- ૨૦૦૯'

છૂટક નકલ રૂા. ૧/-


## પરોપકાર

''પરોપકાર''ની ભાવના દરેક માનવીમાં હોય છે. આ ભાવના તેણે દર્શાવેલ વ્યક્તિ ઉપર ક્યારે કેટલી અસર કરી જાય છે, તે તો સમય આવે ત્યારે જ સમજાય છે.

એક વખત એક નાનો બાળક ભૂખ-તરસથી વ્યાકુળ બનેલો, ધોમ તડકામાં જતો હતો, અને અસ્વસ્થ બનતાં રસ્તામાં પડી ગયો. આવા સમયે એક ભાઈ તેને પોતાના ઘરે લઈ ગયા, તેને જમાડયો તથા સ્વસ્થ કર્યો - તે બાળખે તેમનો આભાર માન્યો.

આ બનાવથી બાળકની પ્રભુ પ્રત્યેની શ્રધ્ધા વધી અને આગળ ભણ્યો, અને મોટો સોલીસીટર થયો. થોડા વર્ષો વીતી ગયા, પેલા ભાઈને ધંધામાં નિકસાન ગયું. આવા સમયમાં તેણે જેમને પૈસા ઉધાર આપેલ તેઓ પણ તેમની રકમ પાછા આપતા ન હતા. તેથી કોર્ટમાં કેસ કરવો પડયો.

આ કેસ લડવા માટે તેઓ મોટા સોલીસીટરને ત્યાં ગયા અને પૂરી વિગત સમજાવી - તે સોલીસીટર કેસ લડયા અને કેસ જીતી ગયા તથા રકમ પણ પાછી મળી. તે ભાઈએ ફી માટે પૂછ્યું તો તેમણે જૂની વાત યાદ કરીને ફી ન લીધી-આમ પોતાના પર થયેલ ઉપકારનો બદલો વાળ્યો.

માટે દરેક માનવતા દર્શાવી પરોપકાર કરવો જરૂરી છે, પરોપકાર કદી એળે જતો નથી.

**શ્રીમતી મંજુલાબેન નવનીલલાલ પરીખ (બખલી) પુરસ્કૃત**

**વસ્તી પત્રકની ૧૦મી આવૃત્તીનું વિમોચન**

**તા. ૨૯-૧૧-૨૦૦૯ ના રોજ સવારે ૯ કલાકે**

**બિરલા માતુશ્રી સભાગૃહ, મરિન લાઈન્સ ખાતે રાખેલ છે.**

વધુ વિગત માટે પાછળ જુઓ.....

**સંયોજક - જસ્મીન શેઠ** **મંત્રી : મંજુલ ધારીઆ**

2nd Cover Page

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરુસ્કૃત**

# વસ્તી પત્રક ૧૦ મી આવૃત્તિ

અમો આપ સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ.

તમારા સાથ અને સહકારથી અમો સમયસર ફોર્મ મેળવી શકયા છે. જેના હિસાબે વસ્તીપત્રકનું વિમોચન ૨૯-૧૧-૦૯ ના રાખેલું છે.

વસ્તીપત્રકની ૩જી અને અંતીમ ડમી બુક મુકવામાં આવશે. સર્વ મેમ્બરોને વિનંતી કે પોતેભરેલ ફોર્મ પ્રમાણે માહિતી છેકે નહિ તે જોઈ લેવા વિનંતી. જો કોઈ કારણ સર ક્ષતી રહી ગઈ હોય અથવા ભૂલચુક થઈ ગઈ હોય તો આ છેલ્લી ડમી બુકમાં કરેકર્સન કરવા વિનંતી. જો તમારા તરફથી કોઈ કરેકશન નહિ આવે તો જે આ ડમી બુકમાં છાપેલું છે તે જ વસ્તીપત્રકમાં છપાશે તેની નોંધ લેશો, અને તે માટે સંસ્થા જવાબદાર નથી.

આપ સૌને વીનંતી કે હવે પછી ૩૦.૮.૨૦૦૯ ના રોજ મુકાયેલ ૩જી અને છેલ્લી ડમીમાં આપ સૌ પોત પોતાની વિગતોની ચકાસણી જરૂરથી કરી લે. જેથી કરીને કોઈપણ જાતની ક્ષતી રહી ગઈ હોય અથવા કોઈ વિગત ભુલથી છપાઈ હોય તો સુધારી શકાય.

આપ સૌની સુવીધા ખાતર, આ ડમીની નકલ આપણી બાલાસિનોરની Website : www.balasinor.org પર અટક વાઈસ મુકવામાં આવેલ છે. તો આશા છે કે જો જાતે જઈને કરેકશન / ચેકીંગ ન થઈ શકે તો આપણી વેબસાઈટ પર પોતાની વસ્તી પત્રકની વીગતો ચેક કરી લેવી, અને જો કોઈ ભુલ ચુક હોય તો Correction form ભરીને vadsol@balasinor.org પર email દ્વારા મોકલી આપવું અને કદાચ જો કોઈ કરેકશન ના હોય તો પણ correction from entry O.K. લખીને ભરીને મોકલશો તો અમોને ખાતરી થશે કે તમારી વીગતો વ્યવસ્થીત છપાઈ છે અને અમોને વસ્તીપત્રક પ્રીટીંગનું કામ આગળ વધારવામાં મદદરૂપ થઈ રહેશે. વધુ વીગત માટે સંપર્ક કરવો.

જેને હજી પણ ફોર્મ ભરીને આપવા હોય તે ૩૦ ઓગસ્ટ સુધી આપી શકે છે. જેથી તેઓના નામ આ આવૃત્તિમાં આવી શકે. નહિ તો પછી ૧૧મી આવૃત્તિમાં નામ લખાશે.

ત્રીજી ડમી બુક ૩૦.૮.૦૯ થી ૧૫.૯.૦૯ સુધી નીચે જણાવેલ સ્થળોએ મુકવામાં આવશે.

**સ્થળો :**

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ કાર્યાલય : ૧૧૮/૧૨૦, આરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૪**

**૨) ચંદ્રેશ એન્ટરપ્રાઈઝ કોરપોરેશન : ૧૩, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ – ૪૦૦ ૦૦૨**

**૩) શાહ એન્જીનીયર્સ એન્ડ ઈક્વીમેન્ટ કોર્પોરેશન : ૬૪, નાગદેવી સ્ટ્રીટ, ભોંયતળીયે, મુંબઈ – ૪૦૦ ૦૦૩.**

**૪) અજય પ્રવિણચંદ્ર દોશી : બી–૨, નરશીભવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, એકટેન્શન ૧, ઈર્લા, (વિલેપાર્લા), અંધેરી (વેસ્ટ).**

**૫) ગોપાલ રમણલાલ કડકીઆ : ૫૦૧, ગ્યાન દર્શન, એસ.વી.પી.રોડ, મ્યુનીસીપલ ગાર્ડનની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૬૭.**

**૬) હેમેન્દ્ર રમણલાલ શાહ : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ).**

**૭) શ્રી બાલાસિનોર વેબસાઈટ http:\\balasinor.org હોમ પેજ પર online સુધારા વધારા કરવા માટે website પર આવેલ ફોર્મ ભરવુ જરૂરી છે. અથવા જયાં સુધી લેખીતમાં નહી આવે ત્યાં સુધી સુધારા કરવામાં આવશે નહિ.**

***સંયોજક : જાસ્મીન શેઠ – મંત્રી : મંજુલ ધારીયા***

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૫૧ | ૫ | ૧૩-૮-૨૦૦૯ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ 1 ૨૪૪૪ ૯૯૨૯

[

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

[

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# હેં ભઈ ક્યોંણ તમે ? ક્યોંથી આયા ?

***તંત્રી સ્થાનેથી***

એક મોટા ધર્મગુરુનું મૃત્યુ થયું, લાખો અનુયાયીઓ, કેટલાંયે આશ્રમોનું સેવા ટ્રસ્ટો, ધરાવતા ધર્મગુરુએ પોતાને લોકોની નજરમાં ભગવાન બનાવવા માટે કશું બાકી નહોતું રાખ્યું. મૃત્યુ બાદ એમના પાર્થિવ દેહના દર્શન માટે જે માનવ મહેરામણ ઉમટ્યો એ જોઈને એમના આત્માને થયું હવે સ્વર્ગ છેટું નથી. ભગવાન હાર લઈને મારા માટે સ્વર્ગના દ્વારે સ્વાગત કરવા ઉભા હશે. તેઓ તો ચાલ્યા સ્વર્ગની વાટે, ત્યાં પહોંચીને જોયું તો વિશાળ કિલ્લો, ચાલી ચાલીને થાક્યા, ક્યાંય દ્વાર દેખાય જ નહીં. થોડી વારે એક નાનકડી બારી જોઈને ધર્મગુરુએ ટકોરા માર્યા, બે ચાર કલાકની મહેનત પછી, બારી ખુલી અને એક ચહેરો દેખાયો. ગુરુ કહે, હે પ્રભુ, હું આવી ગયો. પેલો કહે હું ભગવાન નથી. ચોકીદાર છું. તુમાખીથી ગુરુ કહે જા ભગવાનને કહે ફલાણા ગુરુ પધાર્યા છે. પેલો કહે પણ ક્યાંથી આવો છો ? પૃથ્વી પરથી, તું જાને, એ ઓળખી જશે. પણ કઈ પૃથ્વી પરથી ? કેમ ‘અલા ભાંગ પીધી છે ? કેટલી પૃથ્વી છે ? સાહેબ લાખો કરોડો પૃથ્વી છે તમે કયા નંબરની પૃથ્વી ઉપરથી આવો છો ? નંબર આપો તો કોમ્પ્યુટરમાં જોઈ લઉં. ગુરુ ઝંખવાયા, પૃથ્વીનો નંબર ? સાહેબ તમારા સુર્યનો નંબર આપશો તો પણ ચાલશે હું પ્રયત્ન કરી જોઈશ. બાકી ઓળખાણ વગર તો અંદર આવવું મુશ્કેલ છે. ગુરુનો બધો અહમ બરફની જેમ ઓગળી ગયો. કદાચ ઓગળી ગયેલા અહમ સાથે ભગવાને ગુરુને અપનાવ્યા પણ હોય. ખબર નથી પણ ભગવાનના વ્યાપની વાત છે. સકળ બ્રહ્માંડમાં વ્યાપ્ત પ્રભુ દરેક સજીવ કે નિર્જીવ વસ્તુઓના કણે કણમાં રહે છે, અને આપણે શોધીએ છીએ. મંદિરોમાં, મસ્જીદોમાં, ફોટાઓમાં, મુર્તિઓમાં, ધર્મગુરૂઓમાં કે સાધુસંતોમાં.

એક ધર્મગુરૂમાં હોય છે એટલોજ ભગવાનનો અંશ દરેક સામાન્ય મનુષ્યમાં પણ છે અને પશુ પક્ષીઓમાં પણ છે. આપણા પૂર્વજો અને ઋષિમુનીઓએ તો ભગવાનનો અંશ કુદરતની દરેક વસ્તુઓમાં જોયો ને વર્ણવ્યો છે. સમુદ્રની અને આકાશની અનંતતાને જોઈને જ કદાચ કૃષ્ણનો શ્યામ રંગ વર્ણવ્યો હશે. ગંગા જમુના જેવી દરેક નદીને દેવી સ્વરૂપે તેઓએ નીહાળી છે. યમુનાષ્ટકમાં પણ યમુના નદીને સ્ત્રી સ્વરૂપે વર્ણવી છે.

**તરંગ ભુજ કંકણ પ્રકટ મુકતીકા વાલીકા**
**નીતંબ તટ સુંદરી નમત કૃષ્ણતુર્યપ્રિયામ**

અર્થાત તરંગરૂપી હાથોમાં રેતી રૂપી મોતી તણા કંકણ સરસ શોભી રહ્યા છે. જે કૃષ્ણને પ્રિય છે, અને એને જ નામ આપ્યું છે શ્રી યમુના મહારાણી. પહાડોમાં, પથ્થરોમાં, બરફમાં શિવજીનું સ્વરૂપ નીહાળ્યું છે. ઝાડોમાં કદંબ, વડ, તુલસીને આપણે ભગવાનની નજીક ખાસ સ્થાન આપ્યું છે. પશુ પક્ષીમાં પણ ભગવાનને નિહાળ્યા છે અને ભગવાનનું રૂપ પણ આપ્યું છે. હાથીને ગણેશ રૂપે, વાનરને હનુમાન રૂપે, માછલીને મત્સ્ય અવતાર રૂપે, સિંહને નરસિંહરૂપે અને વરાહરૂપે જોયા છે. મુષક, ગરૂડ, વાઘ, સાપ, મોર, વગેરેને ભગવાનના ચાહીતા વાહનો રૂપે સ્થાન આપ્યું છે. પણ આપણને કુદરતમાં રહેલ ભગવાનનો અંશ દેખાતો નથી. ચારધામની યાત્રામાં આજુબાજુના કુદરતી વાતાવરણમાં ભગવાનના દર્શન કેટલાં લોકો કરી શકે છે? સવારના પહોરમાં પંખીઓના કલરવમાં ભગવાનનો અવાજ કેટલાં લોકો સાંભળી શકે છે? ફુલોની સુગંધ, રંગ રૂપ જોઈને કેટલાં હૈયા ભગવાનના શ્વાસને અનુભવી શકે છે. રોજ માળા ગુંથતા કેટલાં લોકો એ ફુલોમાં રહેલા ચેતન તત્વનો અને કોમળતાનો અહેસાસ કરે છે?

આપણે બધા તો ભગવાનને મુર્તિરૂપે અને ફોટાઓ રૂપે મંદિરોમાં કેદ કરી લીધો છે. મુર્તિઓ, ફોટાઓ, સ્વરૂપો, ઝાંખીઓ આ બધા ભગવાનનું ધ્યાન ધરવા માટેના, મનને કેન્દ્રીત કરવા માટેના સાધનો છે. ધ્યાન દ્વારા અંદર ઉતરીને પરમ તત્વની, આપણામાં રહેલા ભગવાનના અંશને શોધવાની, પામવાની ક્રિયામાં આ મુર્તિઓ તો ફક્ત સાધન છે. એ દિશામાં જવા માટેનો રસ્તો ચીંધનાર ધર્મગુરૂઓ કે સંતો માત્ર માર્ગદર્શક છે પણ આપણે સાધનને જ સાધ્ય બનાવી દીધું છે. મુર્તિઓને અને ગુરૂઓને ભગવાન માની બેઠા છીએ. ઘરમાં રહેલા જીવતાં જાગતાં બાળ સ્વરૂપ ભગવાનના અંશની અવગણના કરીને. ઝાંખીજીમાં બિરાજમાન લાલાના શણગાર અને સેવામાં જીવન સાર્થક માનીએ છીએ. હા સેવા, પુજા દ્વારા માનવી પોતે બદલાતો હોય પોતાના અહમને ઓગાળતો હોય, બીજા માનવીઓમાં રહેલા પોતાના જેવાજ ભગવાનના પરમ અંશને ઓળખવા તરફ પ્રયાસ કરતો હોય, પોતાના ખુદના અસ્તિત્વને ઓગાળી ને પરમતત્વની નજીક જતો હોય તો એ સેવા, એ મુર્તિપુજા સાર્થક છે. કારણકે એ સાધન દ્વારા સાધ્યને મેળવાનો સાચો રસ્તો છે. પણ મુર્તિમાં ભગવાન શોધવાથી નહી મળે. અહીં તો પાછી હોડ લાગી છે. અમારા ભગવાન શ્રેષ્ઠ, અમારો પંથ સાચો, અરે ભાઈ એ પંથ નથી પણ ભગવાન પાસે જવાનો પથ છે, રસ્તો છે. દરેક પંથ એકજ ભગવાન પાસે લઈ જાય છે, અને એ ભગવાન આપણી અંદર, દરેક મનુષ્યની અંદર રહેલો છે. બાળક જ્યારે જન્મ લે છે ત્યારે એ ભગવાનના એક અંશ તરીકે જન્મ લે છે. સાવ નિર્દોષ બાળક એજ ભગવાનનું સ્વરૂપ છે. ધીરેધીરે એ ભગવાન માણસ બનતો જાય છે. એ અંશની ઉપર અભિમાનમાં, કપટનાં, ઈર્ષાના, મદનાં, મોહનાં, લોભનાં, લુચ્ચાઈનાં, ખંધાઈનાં પડળ ચઢતા જાય છે અને માનવી પોતાનાથી, પોતાનામાં રહેલા ભગવાનથી દુર થતો જાય છે. પછી માનવી સફળ થાય અથવા તો નિષ્ફળ જાય, દરેક સ્થિતીમાં આજુબાજુ ભગવાનને શોધવાનો

પ્રયત્ન કરે છે. પગપાળા યાત્રાઓ દ્વારા, માનતાઓ દ્વારા, ભેટ પ્રસાદો દ્વારા, ગુરૂઓના સાનિધ્ય દ્વારા, વ્યાખ્યાનકારોની વાણી દ્વારા, બાધાઓ અને ઉપવાસો દ્વારા ભગવાનને મેળવવાનો પ્રયાસ કરે છે. પણ પોતાની આજુબાજુના લોકોમાં રહેલો ભગવાન, પોતાની અંદર રહેલો ભગવાન એ જોઈ નથી શકતો એને જોવા માટે પહેલાં કહ્યા એ બધા પડળો એક પછી એક દુર કરવા પડશે. ઓગાળવા પડશે. એક વડીલ કોઈને પણ મળે તો હૃદય ઉપર હાથ રાખીને એમને નમન કરે. મે પુછ્યું વડીલ બધાને તમે કેમ નમન કરો છો ? સારા, ખરાબ, મોટા, નાના બધાને નમન કેમ કરવાનું ? વડીલે મને જવાબ આપ્યો હતો બેટા એ માનવીને નહી પણ એનામાં રહેલા ભગવાનના અંશને મારામાં રહેલા ભગવાનનો અંશ નમન કરે છે. બન્ને અંશ એક બીજાને નમન કરે છે. એ વડીલ ઓળખે છે ભગવાનને, કારણ કે એમને શ્રુષ્ટિના દરેક જીવનમાં ભગવાન દેખાય છે. એમના મનમાં સતત ભગવાનનું નામ, જપ, ચાલતું હોય છે. કામ કરતાં કરતાં પણ દરેક કામને તેઓ ભગવાનને અર્પણ કરતાં જાય છે. હસતાં હસતાં આવનાર દરેક પરિસ્થિતિનો સહજ સ્વીકાર કરતાં જાય છે. એ બાળક જેવા નિર્દોષ છે. નિરાભિમાની છે. ઈર્ષા અને કપટ રહીત છે આવા બાળક જેવા બનીને મૃત્યુ પછી ભગવાન પાસે જઈએ તો ભગવાન ઓળખે, કે આતો મારો જ અંશ મારામાં લીન થઈ જવા પાછો આવ્યો છે. બાકી ઘણા બધા પડળો ઓઢીને જીવાત્મા ભગવાન પાસે જાય તો ભગવાન પોતાના અંશને કેવી રીતે ઓળખી શકે ? અને ઓળખે તો પણ પેલા ધર્મગુરુની જેમ દ્વાર ઉપરથી જ પાછા ધકેલી દે. દેશી ભાષામાં પુછે પણ 'હેં ભઈ ચ્યોંણ તું ? ચ્યાંથી આવ્યો ?

*-નિખિલ બાબુલાલ પરીખ*

# રાગ :- શ્યામતારી બંસી પુકારે રાધાનામ

મનનો મોરલીયો જપેતારૂં નામ
મારી ઝુપડીએ આવો મારા રામ...
ખુટવારે લાગી મારા હૈયાની હામ
મારી ઝુપડીએ આવો મારા રામ...
સુરજ ઉગતે મારી ઉગતી આશા
સંધ્યા ઢળેને હું તો બનું નિરાશા
રાત દિવસ હવે સુઝે નહી કાંઈ
મારી ઝુપડીએ આવો મારા રામ...
આંખડીએ મને ઓછું દેખાય છે.
દર્શન વિના મારૂં દિલડું દુભાય છે.
નહિ રે આવો તો જાશે મારા પ્રાણ.

*-મહેન્દ્રભાઈ સી. શાહ(ભીંવડી)*

# નામ છે, તો દામ છે.....

'વૉટ ઈઝ ધેર ઈન અ નેમ'.

શેકસપિયરનું આ સચોટ વાક્ય, વર્તમાન સમય સાથે તાલ મિલાવી શકે છે ખરું ?

વર્તમાન યુગમાં જો નામ છે તો બધુ જ છે પણ નામ ગયુ તો બધુ જ ધૂળ અને ઢેફા છે.

કુટુંબ કે સમાજ હોય, દેશ કે દુનિયા હોય જો નામ રહે તો માનવીની કિંમત છે પણ જો નામ ઘસાઈ જાય તો "Value" "zero" છે.

આજે તો ભાઈ નામ ચમકે તો આવભાઈ..આવ ભાઈ છે. પણ જો નામને ગ્રહણ લાગે તો પછી જા ભાઈ...જા ભાઈ...છે.

આજના વિશ્વમાં સેલિબ્રિટીઝની ભારે બોલબાલા છે. સ્પર્ધાત્મક આવડત અને પરફોરમન્સની આ દુનિયામાં પ્રતિભા, ટેલેન્ટ અને તકદીરનો સથવારો મળી જાય તો ભારે નામના મળી જાય પછી તો બસ 'નામ' અને 'કામ'ના ડંકા વાગવા લાગે છે. દામ આપોઆપ આવવા લાગે છે. કિર્તિ જાહોજહાલી, શોહરત ભરપુર મળે છે.

સામાજિક તથા વ્યવસાયીક જીવનમાં પણ નામની એટલી જ મહત્તા છે. 'નામના'નો ગ્રાફ જેમ ઉંચે ચઢતો જાય તેમ સમાજમાં અને વ્યવસાયમાં માનવીની કિંમતમાં વધારો થતો જાય અને જો ગ્રાફ નીચે આવવા લાગે તો માનવીની કિંમતમાં પણ ઘટાડો થાય.

અમિતાભ બચ્ચન આજે સફળતાની ટોચ ઉપર બિરાજમાન છે. આ મહાન અભિનેતાનો પણ કપરો કાળ ચાલતો હતો. પણ ભાગ્યનું ચક્ર ફરતા કયાં સમય લાગે છે ? પોતાની નામના અને પ્રતાપી અવાજના કારણે 'કોન બનેગા કરોડપતિ'ના એક એપીસોડમાં કામ કરવાના તેઓને રૂા. ૪૫ લાખ મળવાનાં શરૂ થયા. રાખ બની ચુકેલા ફિનિક્સ પંખી માંથી તેઓએ એવી તો છલાંગ લગાવી કે આજે તેઓનું જીવન ધ્રુવના તારાની માફક ચમકી રહ્યું છે.

સામાન્ય માનવી હોય કે પછી સેલિબ્રિટીઝ હોય, ચઢતી અને પડતી કોઈપણ મહત્તવકાંક્ષી વ્યક્તિના જીવનમાં આવી શકે છે ! ફરક માત્ર એટલો જ છે કે સેલિબ્રિટીઝના કિસ્સાઓ મીડીયામાં ચમકે છે. જ્યારે સામાન્ય માનવીઓ કાળના ખપ્પરમાં ક્યાં ખોવાઈ જાય છે, તેની નોંધ પણ રહેતી નથી.

સફળતાને પચાવી લેવી અને અસફળતાને જીરવી લેવી એ આજના યુગનો સૌથી મોટો પડકાર છે. ચડતીના દિવસોમાં માનવીનો નશો અનેરો હોય છે. પણ એકવાર જીવનમાં પડતીના દિવસો ચાલુ થાય ત્યારે જ માનવીના જીવનની અગ્નિપરીક્ષા થતી હોય છે. આ કપરા દિવસો દરમ્યાન જ્યારે માનવીનો પોતાનો પડછાયો પણ દૂર ભાગવા માંડે ત્યારે જો માનવી પોતાની અંદરની શક્તિને લલકારે તો જ માનવી ટકી શકે છે.

એક સમયે ટેલિવિઝન સિરિયલોની સફળતાની ટોચ ઉપર પહોંચેલી એકતા કપૂરની સિરિયલોના ભાવ હાલ અચાનક ગગડી ગયા છે. બહુ જ ઓછા સમયમાં એકતા કપૂરે ટેલિવિઝન ક્ષેત્રે હરણફાળ ભરી હતી. મનોરંજનની દુનિયામાં નવિન, ભિન્ન અને નોખુ આપનાર બાલાજી ટેલિફિલ્મસનો રૂપિયા ૯૬ કરોડનો નફો કરતી આ કંપનીએ વર્ષ ૨૦૦૯માં માત્ર પાંચ લાંખનો નફો કર્યો. અને વર્ષ ૨૦૧૦ના પ્રથમ ત્રણ માસમાં રૂા. ૧૭ કરોડનું નુકશાન થયું. જોરદાર સફળતા અને પછી ધીમે-ધીમે પડતીનો દોર. આમ છતાંય એકતા કપૂરની આંતરિક તાકાત અકબંધ છે. મંદીના કારણે આવેલી આ પીછેહઠનો સામનો કરવા

પોતે કટ્ટીબદ્ધ છે. આ વાદળો પણ વિખરાઈ જશે અને ફરી એકવાર પોતે સફળતાના શિખરે પહોંચશે એવો તેને આત્મવિશ્વાસ છે.

થોડી ક્રિકેટ જગતની વાત કરીએ તો વર્ષ ૨૦૦૭ બાદ ભારતીય ક્રિકેટ ટીમનો કપ્તાન ધોની જાહેરાતોની દુનિયાનો બેતાજ બાદશાહ ગણાય છે. એક જાહેરાતમાં એક વર્ષ કામ કરવાની ધોનીની કિંમત ૪ થી ૬ ખોખાની ગણાય છે. આઈ.પી.એલના પ્રવેશ બાદ તો ક્રિકેટરોની 'બ્રાન્ડ વેલ્યુ'માં જબરો વધારો થયો છે. આજથી લગભગ ૧૪ વર્ષો પૂર્વ તેડૂલકરને પાંચ વર્ષનો જાહેરાતનો કોન્ટ્રકટ રૂા. ૨૫ કરોડમાં મળ્યો ત્યારે લોકોને 'અધ...ધ...ધ' લાગ્યુ હતુ અને ત્યારપછીના પાંચ વર્ષના કોન્ટ્રાકટ રૂા. ૧૨૫ કરોડમાં રીન્યુ થયો ત્યારે બધાને ચક્કર આવી ગયા હતા. હકીકતમાં તેંડુલકરે ક્રિકેટ વિશ્વમાં જે નામના મેળવી છે, જે સિદ્ધિઓ અને પ્રતિભા હાંસલ કર્યા છે તેની હરોળમાં ઉભા રહેવા માટે આજના ક્રિકેટરોને ઘણું બધું કરવાનું બાકી છે, આમ છતાં તેડુંલકરને જે આર્થિક મુકામે પહોંચતા ૧૨ વર્ષો લાગ્યા તે હરણફાળ ધોનીએ માત્ર બે વર્ષમાં ભરી દીધી છે. ચારે બાજુ મંદી હોવા છતાં અગાઉના સમય કરતાં આજે નામની "Brand Value" વધી છે. એ કિંમતને ટકાવી રાખવી એટલું જ મુશ્કેલ પણ જરૂરી બન્યું છે.

વર્ષ ૨૦૦૮માં ભારતીય ક્રિકેટ ટીમ ટવેન્ટી - ૨૦ રમતમાં વિશ્વ ચેમ્પિયન બની હતી. પણ આ વર્ષે ઈંગ્લેન્ડમાં ભારતીય ટીમના બૂરા હાલ થયા. સુપર એઈટની ત્રણેય મેચ હારી જનાર ટીમ અને કપ્તાન ધોની સામે આખાય દેશમાં રોષ પ્રગટ થયો.ગુસ્સામાં આવી ચાહકોએ ધોનીના પુતળા બાળ્યા. તેના શહેર રાંચીમાં જ જબરો વિરોધ પ્રદર્શિત થયો. અને બીજા જ દિવસે ઈનોનોમીક ટાઈમ્સમાં સમાચાર ચમક્યા કે "World cup exit may hit Dhoni's Brand Value". ધોનીના નબળા પ્રદર્શન બદલ કેપ્ટન બદલવાની માગ ઉઠી. સનીનું સ્ટેટમેન્ટ આવી ગયુ કે ધોનીના સ્થાને યુવરાજને કેપ્ટન બનાવવો જોઈએ. પણ આ વખતે ધોનીને નસીબનો જબરો સાથ મળી ગયો. આ ચેમ્પિયન ટ્રોફી બાદ તરત જ ભારતીય ક્રિકેટ ટીમ વેસ્ટઈંડિઝ ખાતે વન ડે સીરીઝ રમવા ગઈ. ત્યાં ધોનીનું જોરદાર પરફોરમન્સ રહયું અને આપણી ટીમે ૨-૧ થી સીરીઝ જીતી ઈતિહાસની રચના કરી. આ સુંદર સફળતાને કારણે ટવેન્ટી-૨૦ની હાર વિસરાઈ ગઈ અને ધોનીને જીવતદાન મળી ગયુ.

આમ સફળતા પામવા માટે આવડત, જુસ્સો, દેખાવ, હિંમત બધુ જ જરૂરી છે, પણ સાથે-સાથે ગુડ લક પણ એટલુ જ જરૂરી છે.

આ બધુ વાંચીએ સાંભળીએ જાણીએ ત્યારે કદાચ એમ લાગે કે આતો મોટા લોકોની મોટી વાતો થઈ. પણ સેલિબ્રિટીઝના જીવનમાં આવતા ચડતી-પડતીના કિસ્સાઓ આપણા જેવા સામાન્ય માનવી માટે પણ પ્રેરણારૂપ છે. આજે ઈતિહાસની શૌર્ય ગાથાઓ વાંચવાનો કે જીવનમાં ઉતારવાનો આપણી સામે જે દેખાય અને રોજબરોજની દુનિયામાં જે અનુભવાય એજ આપણા માટે પ્રેરણારૂપ છે.

એટલે જ પ્રચંડ નામના મેળવનાર સેલિબ્રિટીઝના જીવનમાંથી થોડીઘણી પ્રેરણા, હિંમત અને શક્તિનું એકાદ બુંદ પણ જો મળી જાય તો જીવન દરમ્યાન આવતા ચડતી-પડતીના દિવસોનો સામનો કરવા માટે એક દિશા મળી રહે છે.

'પરવરદિગાર પાસે આજ એટલી જ તમન્ના કે સફળતાનો નશો મનને સ્વછંદી ન બનાવી જાય અને અસફળતાનો સ્વાદ મનની શક્તિને ડગાવી ન જાય''. સફળતા અને નિષ્ફળતા બંને પ્રસંગને અલિપ્ત રહી નિહાળવાની ઈશ્વર સહુને શક્તિ આપે.

*-પંકજ કે શાહ*

''સમય પણ હોય છે કેવો નજાકતનો મિલનવેળા,
પડે છે બોજભારે આંખને પોતાની પાંપણનો''

## ''ઈન્ટરવ્યુ''....

''પપ્પા, અમદાવાદ ક્યારે આવશે ?'' વીસ વરસની નમણી પૂજાએ પિતાને પૂછ્યું.

''સવારે સાતેક વાગ્યે, ઉંઘી જા નિરાતે !'' પિસ્તાલીસ વરસની ઉંમરે પંચાવનના દેખાતા પંકજભાઈએ જવાબ આપ્યો. બાપ દિકરીની વચ્ચે બેઠેલાં પ્રિયાબેન તો બસ ચાલુ થઈ એ પછીની પાંચ મિનિટમાં નિદ્રાધિન બની ગયા હતા. બેઠાં બેઠાં ઉંઘવું અને આડા પડવું એ બે વચ્ચે જમીન આસમાનો ફરક છે. આડો પડેલો માણસ આંખો મીચીને ચિંતન કરતો હોય તો પણ ઉંઘતો હોય એવું લાગે અને બસમાં બેઠેલો માણસ ગાઢ નીંદરમાં હોય તો પણ વિચારમગ્ન હોય એવું લાગે.

પૂજાએ પપ્પાનો આદેશ પાળવાને બદલે પૂછપરછ ચાલુ રાખી. પપ્પા આપણે રાજેષકાકાને ઘરે ઉતરીશું ને ?

'ના બેટા ! આપણે કોઈ સારી હોટલમાં રહીશું.'

'પણ પપ્પા, હોટલનું ભાડું તો બહુ. 'પૂજાને ખબર હતી કે ઘરની આર્થિક સ્થિતિ ધર્મશાળામાં ઉતરવાને લાયક હતી.

પંકજભાઈએ ઘેરો નિસાસો નાખ્યો. હા પણ આપણે ક્યાં હોટલમાં આખી જિંદગી રહેવું છે. ચાલુ માસનાં પગારમાંથી એક હજારનો ઉપાડ કર્યો છે. એક દિવસમાં ખરચી ખરચીને કેટલા રૂપિયા ખર્ચી શકાશે ? અને પછી કરકસર માટે આખું વરસ ક્યાં નથી પડયું ?

પૂજા થોડીવાર માટે ચૂપ થઈ ગઈ, પણ ચૂપ થઈ જવાથી અગર શાંત થઈ જવાનું હોતતો કેટલું સારું હતું.! પૂજાના હોઠ બંધ થયા એનો મતલબ એ કે ઉકળતા દૂધની ઉપલી સપાટી પર મલાઈની થર બાઝી હતી. અંદરનો ધખધખાટ તો ચાલુ જ હતો.

પૂજાને સમજાતું ન હતું કે પપ્પા ખોટી પ્રતિષ્ઠા ખાતર આ રીતે પરસેવાની કમાણીનું ખૂન શા માટે કરી રહ્યા છે ? બદલાતી, સંધાતી અને તૂટતી જતી કારકુન તરીકેની નોકરીઓ, જુવાન દિકરીની કોલેજ અને નાના દિકરાના શાળા-શિક્ષણનાં અનિવાર્ય ખર્ચાઓ, પત્નીના માથે અકાળે બેસી ગયેલી સફેદી અને પોતાના માથે પૈસાના અભાવે પથરાતી જતી ટાલ... ! ઘર ખર્ચના બે છેડા ભેગા કરવા સતત મથ્યા કરતું સમગ્ર કુટુંબ અને એક પણ સભ્યની અપેક્ષાને સંતોષવામાં ઉણા ઉતરતા પંકજભાઈ શા માટે અત્યારે કોઈ ગર્ભશ્રીમંત બાપની જેમ વર્તી રહ્યા છે. બેટા એનું કારણ તને નહીં સમજાય. અમદાવાદમાં જે છોકરાને જોવા માટે આપણે જઈ રહ્યા છીએ એ ખૂબજ ધનવાન છે શહેરના ધનાઢય વિસ્તારમાં તેઓનો આલિશાન બંગલો છે અને અમદાવાદ રાજકોટ હાઈવે પર મોટી ફેકટરી છે. આપણે હોટલમાં ઉતરીએ તો એ લોકોને પણ લાગે કે આપણે ખાધે પીધે સુખી છીએ. અમદાવાદમાં આપણા નજીકનાં ચાર-પાંચ સગા સંબંધી છે પણ એ સહુના મકાનો જૂની ગીચ પોળમાં આવેલા અને તદન જર્જરીત અન ખૂબજ સાંકડા છે. પંકજભાઈએ પૂજાને દુનિયાદારીનું ગણિત સમજાવ્યું.

'પણ પપ્પા લગ્ન બાદ તેઓને ખબર પડશે કે આપણે તો..'

ત્યારની વાત ત્યારે. અત્યારે તો બધું નાટકજ હોય અને અંતે છોકરો તો તને તારુ રૂપ જોઈને પસંદ કરવાનો છે, દિકરી! આ બધું તો નાટકની પૂરક ભૂમિકાઓ જેવું જ ગણાય! પંકજભાઈએ મોટેથી બગાસું ખાધું એ સાંભળીને વચ્ચે બેઠેલાં એમના પત્ની પ્રિતિબેન જાગી ગયા અને પંકજભાઈ ઉંઘી ગયા.

પ્રિતિબેનને ચાલુ ઉંઘમાં કાને પડેલા શબ્દો યાદ હતા એટલે દિકરીને સમજાવવાની એમણે પણ કોશિશ કરી. બેટા, તું તારે બધું જોયા કર! અને અમે તને સમજાવ્યું છે એમ કર્યા કર!

મારે બીજું શું ધ્યાનમાં રાખવાનું છે ? પૂજા પરીક્ષા માટે પુનર્વાચન કરી રહી હોય એમ પૂછી બેઠી.

પ્રિતિબેને યાદ કરાવ્યું એ લોકો તને જે કંઈ પૂછે તેના સારા સારા જવાબો આપવાના.'

'મમ્મી, જવાબો સારા આપવાનાં કે સાચ્ચા ?

''બેટા, તું જિંદગીની પરિક્ષા આપવા જઈ રહી છું, અહીં સાચા જવાબો આપવા જવાથી નાપાસ થવાય છે. માત્ર સારા ઉત્તરોને જ ઉચ્ચ ગુણાંક મળે છે. પ્રિતિબહેને છોકરીની જાત માટે હિન્દુસ્તાન ભરમાં પ્રવર્તનુ સત્ય ઉચ્ચાર્યું.

પણ છોકરાવાળાઓ શું શું પૂછી શકે મમ્મી ? પૂજાની મોટી, કાળી આંખોમાં મુંઝવણ આવીને ગોઠવાઈ ગઈ. ઘણું બધું..! જેમ કે તને રસોઈ બનાવતાં આવડે છે ? 'ના'

'ના નહિં હા', સાડી સત્તર વાર હા. દાળ-ભાત, શાક રોટલી જ નહીં પણ વિવિધ જાતનાં પકવાન-મિષ્ટાન, ફરસાણ પણ આવડે છે. તથા અથાણા-પાપડ તો તારા જેવા આખી દુનિયામાં કોઈને નહીં આવડતાં હોય.

'પણ મમ્મી, આ બધું સદંતર ખોટું છે. સરાસર જૂઠ માત્ર છે.

તને ફિલ્મ જોવાનો શોખ છે ?... હા, મમ્મી...!

ના, અહીં તારે જવાબ આપતી વખતે આમ ઉછળી પડવાની જરૂર નથી.

તો શું કહેવાનું મારે ? ના ?

હા પણ નહીં અને ના પણ નહીં વધારે પડતી ફિલ્મો જોતી વહુ છોકરાનાં મા-બાપને ન ગમે અને ફિલ્મો જોવી ન ગમતી હોય એવી કન્યા છોકરાને પસંદ ન પડે. તો ? તારે સમય સાચવીને જવાબ આપવાનો કહેવાનું કે અઠવાડિયે પંદર દિવસે એકાદી સારી સ્વચ્છ ફિલમ હોય તો અવશ્ય જોવી ગમે છે. માએ દિકરીને તંગ દોરડા પર સંતુલન જાળવીને શી રીતે ચાલવું એ શિખવાડયું. પછી ?

અચાનક અધરાતે-મધરાતે દસ-પંદર મહેમાનો આવી ચડે તો રસોઈ કરવી ફાવશે ? આવડશે ? ગમશે ?

'ના મમ્મી! મને તો ચાર કપથી વધારે ચા બનાવતા પણ નથી આવડતું, ભલે ન આવડે, રસોઈ ગેસના ચૂલા પર રાંધતા નહીં આવડે તો ચાલશે, પણ જીભના ટેરવે તો રાંધતા આવડવું જ જોઈએ.

પછી તો લગ્ન માટેના ઈન્ટરવ્યુના પૂર્ણ કક્ષાના કોચિંગ કલાસ ખોલ્યા હોય એમ પ્રિતિબહેન શીખવતા ગયાં. અપેક્ષિત પ્રશ્નો અને એનાં આદર્શ જવાબો પૂજા વિરોધ કરતી રહી, પણ મમ્મી સાંભળેતોને ?

રાત્રિના અંધકારની પછેડી ઓઢીને સૂતેલી વિરાન સડક પર બસ દોડતી રહી. એક પછી એક ગામડાં, નગર, શહેર પસાર થતા રહયા. બસની તેજ રફતાર સાથે પૂજાનું મગજ પણ પૂરપાટ દોડવા માંડયું.

એ વિચારતી રહી. 'હું દિકરી તરીકે જન્મી એટલે શું મેં ગુનો કર્યો ? મને સારો મુરતિયો પસંદ કરે એટલા ખાતર મારે આટલું બધું અસત્ય બોલવું પડે ? જેની સાથે આખી જિંદગી ગુજારવાની છે એ પુરુષ આગળ શું હું પ્રમાણિક ન બની શકું ? મારો સમસ્ત દેખાવ, મારું શિક્ષણ, મારાં સંસ્કાર આ બધાની કશીય કિંમત નહીં ? અને મારા માટે આવો ધનવાન પતિ ખોળવાનો દુરાગ્રહ શા માટે ? સાધારણ ઘરનો સંસ્કારી યુવક મને હું જેવી છું તેવા જ રૂપે પસંદ કરતો વધારે ઈચ્છનીય ન કહેવાય ?

મધરાતે પૂજા વિચારમગ્ન અવસ્થામાં ગાઢ ઉંઘમાં સરી ગઈ. એનું મસ્તક મમ્મીના ખભા પર ઢળેલું હતું. લાગતું હતું કે અંતે એણે મમ્મીની સલાહ અને શિખામણ આગળ શરણાગતિ સ્વીકારી લીધી હતી.

સવારે અમદાવાદ પહોંચીને ત્રણેય જણાં પૂર્વનિર્ધારિત મોંઘીદાટ હોટલમાં જઈ પહોંચ્યા. છોકરાના ઘરે ફોન કરી જાણ કરી દીધી. સામેથી જવાબમાં સવાલ મળ્યો, ક્યારે આવો છો ? લેવા માટે ગાડી મોકલવાની ખબર પડે.

અગ્યાર વાગ્યાના સુમારે ગાડી લેવા આવી. છોકરાના ઘરે પહોંચ્યા પછી ખબર પડી કે શ્રી કૃષ્ણની સોનાની દ્વારિકા કેવી હશે. બંગલો એટલે કે વિશાળ પ્રાંગણ, ઐશ્વર્યની રેલમ છેલ જોઈલો. એવો જ ભાવભીનો ભવ્ય આવકાર બધાં દિવાનખંડમાં બિરાજ્યાં.

અરે, કોઈ નિમિષને તો બોલાવો. મુરતિયાનાં પપ્પા શેઠ રસીકલાલે જાતે જ બૂમ મારી. બેટા નિમિષ ! નીચે આવ. જો આપણા ઘરે તારા નામને પણ ટક્કર મારે એવી ભાગ્યશાળી લક્ષ્મી આવીને ઉભી છે, એને મળવા તો આવ.

અને રાતનો ઉજાગરો શરીર પર ઓઢીને નિમિષ આવ્યો. વિનયપૂર્વક મહેમાનોને નમસ્તે કર્યું. ચા-પાણી, નાસ્તા સાથે આડી-અવળી વાતો ચાલી. પછી શેઠ રસીકલાલના ઈશારે નિમિષ ઉપરના માળે આવેલા કમરામાં જવા માટે ઉભો થયો. અંગત મુલાકાત માટે પૂજા પણ મમ્મીના ઈશારે નિમિષને અનુસરી.

વિશાળ ખંડની આંજી નાખે એવી સજાવટ જોઈને પૂજાની છાતી તેજ ગતિએ ધડકવા લાગી. અડધી રાત લગી મમ્મીએ શીખવેલા જવાબો એ યાદ કરવા લાગી.

''તમને રસોઈ બનાવતા આવડે છે ?''

હે ? પૂજા ચમકી ગઈ, પછી એને લાગ્યું કે આ સવાલ નિમિષ પૂછી રહ્યો છે. એણે ક્ષણવારમાં નિર્ણય લઈ લીધો. જૂઠુ નથી બોલવું.

''રોજિંદી રસોઈ આવડે છે એનાથી વિશેષ કશું નહીં, પણ જરૂર પડયે શીખી લેવાની મારી સંપૂર્ણ તૈયારી છે.' આ પ્રમાણિક પણે, નિષ્ઠાપૂર્વક, સરળતાથી બોલી ગઈ. તમને ફિલ્મો જોવી ગમે છે ? જો ''હા'' હોય તો કેટલો ? ''મને ફિલ્મો જોવી ગમે છે પણ એનું ગાંડપણ નથી.

ધારોકે અડધી રાતે પંદર-વીસ મહેમાનો આવી ચડે તો તેમના માટે રસોઈ બનાવવી પડે તો તમે.. ?

'ના હું ન બનાવી શકું. અમારા ઘરમાં અમે ચાર જ સભ્યો છીએ અને અમારે ત્યાં આટલા બધા અતિથિઓ એકસામટા ક્યારેય આવતા નથી. એટલે હું આવી પરિસ્થિતિમાં ખૂબજ મુંઝાઈ જાઉં છું'.

નિમિષે મંદમંદ હસતાં છેલ્લો સવાલ પૂછ્યો. 'ધારો કે કોઈ વિદ્યાર્થીને પરીક્ષાનું પ્રશ્ન પત્ર અગાઉથી જ આપી દેવામાં આવે એના જવાબો પણ ગોખાવી દેવામાં આવે છતાં પણ એ ડફોળ વિદ્યાર્થી ખોટા જવાબો લખી આવે તો એને શું કહેવાય ?

પૂજાએ હવે ઉંચું જોયું એની આંખો પહોળી થઈ ગઈ. નિમિષ આ શું પુછી રહ્યા હતા ? ગઈ કાલે રાત્રે બસમાં મમ્મી સાથે થયેલા સવાલ-જવાબ વિશે એમને ક્યાંથી ખબર પડી ગઈ. ક્યાંક એ પણ એ જ બસમાં તો.. ?

અંતે પૂજાએ ધીમા પણ મક્કમ અવાજે જવાબ આપ્યો. એ વિદ્યાર્થીને તમે ડફોળ કહી શકો. પણ એના જવાબોને તમે ખોટા ન ગણી શકો. સોનું ક્યારેય નકલી નથી હોતું અને પ્રામાણિકતા કદીયે જુઠ્ઠી નથી હોતી, મને લાગે છે કે ઈન્ટરવ્યુ પૂરો થયો. હું જઉં હવે'.

શું કહયું ? પૂજા ઉભી થવા જતી હતી, પણ

અટકી ગઈ. લગ્ન? મારી સાથે? હા, પૂજા! આ ઈન્ટરવ્યુ ન હતો. ખરો ઈન્ટરવ્યું તો કાલે રાત્રે બસમાં જ પૂરો થઈ ગયો હતો. તમારી પાછળની બેઠકમાં મોંએ માથે મફલર બાંધીને બેઠેલો મુસાફર હું જ હતો. મારી ગાડી બગડી જતાં મારે ના છૂટકે બસમાં આવવું પડયું. યોગાનુયોગ મને આપની પાછળની બેઠક પ્રાપ્ત થઈ મે તમારા મનમાં ચાલતી ગડમથલ કાલે જ પારખી હતી, અને આજે તમે કદાચ તમારી મમ્મીએ શિખવાડેલા જવાબ આપ્યાં હોત તો પણ હું તમને જ પસંદ કરત! પૂછો શા માટે? 'શા માટે?'

કારણકે હું માની લેત કે આ તમારો અભિનય છે. તમારું અસલ ઝમીર તો એ જ છે કે મેં ગત રાત્રી દરમ્યાન બસની મુસાફરી દરમ્યાન જોયું હતું. પૂજા એક પુરુષને બીજું શું જોઈએ? એક પ્રેમાળ, પ્રમાણિક, સુંદર, શિક્ષિત પત્ની અને એ પત્ની પાછી તમારા જેવી ખૂબસુરત હોય તો અને એ જ્યારે આમ પોતાના વખાણ સાંભળીને શરમાતી હોય ત્યારે તો બસ આનાથી વધીને પુરુષ વધુ શેની અપેક્ષા રાખે? જેમ બને તેમ જલ્દી શરણાઈના સૂર માગે! શરમાતી પૂજાનાં હૈયામાં જવાબ ઉઠયો પણ જીભ પર આવે તે પહેલાં શરમાળ નવોઢાની જેમ નિમિષનાં મજબૂત આલીંગનમાં પૂજા સદાયને માટે સમાઈ ગઈ.

આજે બે વરસનાં મધુરા દાંપત્યજીવન બાદ પૂજા પ્રથમ વાર માતા બનવા જઈ રહી છે. બન્ને નવદંપતીનો પ્રેમ દિવસ-રાત ખૂબ જ ખીલેલી વસંતની જેમ પાંગરી રહ્યો છે. ઈશ્વર તેઓને સદાય હસતા રમતા આનંદમય રાખે તેવી જ અપેક્ષા સહ.

***-રાજેષ કડકીઆ***

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

***- તંત્રી નિખિલ પરીખ - મંત્રી મંજુલ ધારીઆ***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
# જનસાથી ટ્રોફી ક્રીકેટ સાલ ૨૦૦૯-૨૦૧૦

૧ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૯.૮.૦૯ના રોજ રાખેલ છે.

૨. તારીખ ૨૯-૮-૦૯ પછી કોઈપણ સંજોગોમાં ફોર્મ લેવામાં આવશે નહિં.

૩. ક્રીકેટના ફોર્મ નીચે જણાવેલ સ્થળેથી મળી રહેશે.

I. બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસે રોજ સાંજે ૭ વાગ્યાથી ૮ વાગ્યા સુધી અને રવિવારે ૯.૩૦ વાગેથી ૧૧ કલાકે સવારમાં રાખેલ છે.

II. સમીર આર. દેસાઈ (ઈમ્પેક્ષ એન્જીનીયરીંગ) ૧૦૧ નાગદેવી સ્ટ્રીટ મુંબઈ - ૪૦૦૦૦૩.

III. જતીન એન દેસાઈ (સુજાતી ઈલેકટ્રીકલ એન્ટરપ્રાઈઝ) ૪૨, બાબુ ગેનુ રોડ મુંબઈ ૪૦૦૦૦૩.

IV. કીંજલ પરીખ (વીજય ટ્રેડીંગ કોરપોરેશન)૧૫૧ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, અશોક હાઉસ મુંબઈ -૪૦૦૦૦૩

V. ચીરાગ પરીખ (ટ્રીસા એન એક્સ) ૨૨ પીજારા લેન, અબ્દુલ રહેમાની સામે મુંબઈ ૪૦૦૦૦૩

૪. ભાગ લેનારની જન્મ તારીખ ૧.૧.૧૯૯૪ પહેલાની હોવી જરૂરી છે.

૫. આ ટુર્નામેન્ટમાં વહેલો તે પહેલો ધોરણે ફોર્મ લેવામાં આવશે. ૧૦૮ ફોર્મ પછી. કોઈના પણ ફોર્મ લેવામાં નહી આવે.

૬. આ ટુર્નામેન્ટ માટે અમોએ બે મેચના રૂપિયા ૩૦૦/- રાખેલ છે. જે ફોર્મ સાથે મહેરબાની કરીને આપી દેવાના રહેશે. અને સેમી ફાઈનલ અને ફાઈનલના પૈસા જે ટીમ પહોચશે તેને પ્લેયર દીઠ ૧૫૦/- આપવાના રહેશે.

૭. દરેક મેચમાં પ્લેયરની જમવાની વ્યવસ્થા કરેલી છે.

૮. દરેક પ્લેયરે સવારનાં ૯.૩૦ વાગે ગ્રાઉન્ડ પર આવવાનું રહેશે. જો ૧૦ વાગ્યા પછી આવશે તો તેને રમવા નહિં દેવામાં આવશે.

૯. દરેક પ્લેયર જો ચાલું મેચે બહાર જાય તો તેને કેપ્ટન અથવા ક્રીકેટ કમીટીની રજા લઈને જવા વિનંતી છે.

૧૦ દરેક પ્લેયરે મેચ વખતે સફેદ કપડામાં આવવાનું રહેશે.(ટીશર્ટ, પેન્ટ, અને મોજા) અને જો ત્રણ વસ્તુનો અમલ નહીં કરે તો તેને રમવા નહિ દેવાય. એમ્પાયર જે કંઈ પણ અંતિમ નિર્ણય લે એનો અમલ કરવો પડશે.

૧૧ દરેક મેચ ૪૦ ઓવરની રહેશે, જો બન્ને ટીમના રન સરખા રહેશે તો એવરેજ પર એનું પરિણામ નક્કી કરાશે, અને વધુ એવરેજવાળી ટીમ વિજેતા જાહેર કરાશે.

૧૨ કોઈપણ એક બોલર મેચ વખતે (૯) ઓવર નાખી શકશે.

૧૩ દરેક પ્લેયરે ફોર્મ બરાબર ભરી, તેમાં મોબાઈલ નંબર, લખવો જરૂરી રહેશે. ઉપરાંત ઓફીસનો નંબર અને સરનામું લખવું જરૂરી છે.

૧૪ જો કોઈપણ પ્લેયરને કંઈ તકલીફ થઈ હોય તો તે મેદાનની બહાર જવા માટે કેપ્ટન અથવા કોઈપણ

કમીટી મેમ્બરની રજા લઈને જવું જરૂરી છે. અને તેને પાછું ૨ કલાકમાં આવવું પડશે. જો તે નહી આવે તો તેને આગળ મેચ રમવા નહિ મળે.

૧૫ બાલાસિનોર નવયુવક સંઘને કોઈપણ નિયમો બદલવાનો હક રહેશે એની કોઈપણ જાતની જાણકારી પ્લેયરોને નહિ આપવામાં આવે.

૧૬ જો કોઈપણ સંજોગોમાં રવિવાર ગ્રાઉન્ડની સુવિધા નહિ થાય તો ચાલું દિવસોમાં મેચ રાખવામાં આવશે, એની જાણકારી દરેક પ્લેયરને કરવામાં આવશે.

૧૭ જે પણ પ્લેયરને જનસાથી ટુર્નામેન્ટ રમવી હોય તો તેઉપર આપેલ જગ્યાએથી ફોર્મ લઈને ભરી શકે છે.

૧૮ બાલાસિનોર નવયુવક સંઘ અથવા ક્રીકેટ કમીટીની કોઈપણ જાતની, ફોર્મ ભરવા માટે જવાબદાર નથી.

૧૯ બાલાસિનોર નવયુવક સંઘના નિયમો અનુસાર ફોર્મ ભરવું જરૂરી છે.

૨૦ કોઈપણ વધું વિગત માટે કિંજલ પરીખનો સંપર્ક કરવો જેનો મોબાઈલ નંબર નીચે મુંજબ છે. - ૯૮૨૦૮૧૫૫૮૪ છે.

*ક્રિકેટ કન્વીનર : કિંજલ પરીખ*
*મંત્રી : મંજુલ ધારીયા*

www.balasinor.org.
જો કોઈને ગુજરાતીમાં વાંચતા નહિં આવડે તો ઉપર જણાવેલ. વેબ સાઈટ પર અંગ્રેજી માં વિગત આપી છે.

# આપણે ગુજરાતીઓ...

*- ઈન્ટરનેટ ઉપરથી*

હોટલમાં કોઈ ચા મંગાવે અને ચામાં માખી પડે તો શું થાય...?

(૧) ચોખ્ખાઈનો આગ્રહી બ્રિટિશર ચા પીધા વગર ભરેલો કપ તરછોડીને જતો રહે.

(૨) 'કેર-ફ્રી' સ્વભાવવાળો અમેરિકન ચામાંથી માખી કાઢી ચા પી જાય.

(૩) 'ચાલુ' સ્વભાવવાળો ઓસ્ટ્રેલિયન ચા ઢોળી કપ લઈને જતો રહે.

(૪) 'ચિત્ર-વિચિત્ર' ખાનારો ચીનો માખી ઉપાડીને ખાઈ જાય.

આ સમયે એક 'મહાન વ્યક્તિ', ત્યાં હાજર હોય તો એ શું કરે ખબર છે? એ મહાન વ્યક્તિ બ્રિટિશર પાસેથી તરછોડેલી ચાના પૈસા લે. એણે તરછોડેલી ચા અમેરિકનને વેચી દે, કપ ઓસ્ટ્રેલિયનને વેચી અને અને માખી ચીનાને વેચી દે! બધાના પૈસા ખિસ્સામાં મૂકી ઘર ભેગો થઈ જાય. આ સોલિડ ગણતરીબાજ મહાન વ્યક્તિ એટલે કોણ ખબર છે? આ અદ્‌ભૂત, જોરદાર મહાનુભાવ એટલે ગુજરાતી!

આખી દુનિયામાં વર્લ્ડ બેસ્ટ વેપારીનો જેને એવોર્ડ મળેલો છે, તે છે હું, તમે અને આપણે બધા- 'ગુજરાતીઓ, પણ આપણે માત્ર વેપારી જ નથી, વેપારીથી પણ વિશેષ છીએ. આપણો સ્વભાવ, આપણી આદતો, આપણી ખાસિયતો આપણને બીજાથી નોખાં અને જુદાં બનાવે છે. તો ચાલો આપણએ ગુજરાતીઓ કેવા છીએ એની ચર્ચા આજે એરણ ઉપર ચઢાવીએ.

આપણા ભારત દેશનો નકશો જુઓ તો એમાં પશ્ચિમ છેડે હસતાં મોઢાંના આકારવાળું રાજય દેખાશે. આ હસતું મોઢું એટલે આપણું ગુજરાત અને તેમાં વસતા સાડા પાંચ કરોડ હસતાં મોઢા એટલે આપણે ગુજરાતીઓ, પણ ગુજરાતીઓ માત્ર ગુજરાતમાં જ વસે છે. તે માનવું ભૂલભરેલું છે. ગુજરાતીઓ આખી દુનિયામાં બધે જ ફેલાયેલા છે અને બધી જ જગ્યાએ ધંધો કરી 'બે પૈસા' કમાઈ રહ્યા છે.

વિશ્વપ્રવાસે નીકળવાના શોખીન ગુજરાતીઓમાનો કોઈ સહારાનું રણ જોવા જાય અને ત્યાં તેને ચાની કીટલી ચલાવતો ગુજરાતી મળી જાય તેવું બને ખરું! પેંગ્વિન કે સફેદ રીંછ ઉપર રિસર્ચ કરતો વૈજ્ઞાનિક એન્ટાર્કટિકામાં જાય ત્યારે ત્યાં તેને આઈસ્ક્રીમ પાર્લર ચલાવતો ગુજરાતી મળી જાય એવું પણ બને.

મની માઈન્ડેડ તરીકે જાણીતા ગુજરાતીઓનો પૈસા કમાવાનો ગાંડો શોખ તેમને દુનિયામાં બધે જ લઈ જાય છે (કાયદેસર કે ગેરકાયદેસર!) તેમાંય ફોરેન જવા માટે ગુજરાતીઓનો સૌથી ફેવરિટ દેશ હોય તો અમેરિકા. જેમ વૈજ્ઞાનિકોને મંગળ કે ચંદ્ર પર જવાનું વળગણ હોય છે. તેમ ગુજરાતીઓને કોઈ પણ રીતે અમેરિકા વસી જવાનું વળગણ હોય છે. ત્યાં જઈને ભલે કંઈ પણ કરવું પડે પણ તે માટે તેઓ અહીંયા કંઈ પણ કરવા તૈયાર હોય છે. કેટલાક તો માણસોમાંથી 'કબૂતર' બનવા તૈયાર થઈ જાય છે. આ 'કબૂતરો'નું અંતિમ લક્ષ્ય ડૉલરનું ચણ ચણવાનું હોય છે. (કેમકે, એક ડૉલર બરાબર પચ્ચાહ રૂપિયા થાય ને ભઈ!) આને જ રિલેટેડ આપણી એક બીજી આદત પણ છે.

આપણને આપણી ગુજરાતી ભાષા કરતાં અંગ્રેજી ભાષાનું સોલિડ વળગણ છે. યુ.નો આપણે

બધા સેન્ટેન્સમાં વિધાઉટ એની રિઝન ઈંગ્લિશ વર્ડઝ ઘૂસાડી દઈએ છીએ. ગમે તેવું ખોટું અને વાહિયાત અંગ્રેજી બોલનારાઓને આપણે બહુ હોશિયાર ગણીએ છીએ. ગુજરાતી સારું બોલતા ના આવડતું હોય તો ચાલે પણ બકવાસ અંગ્રેજી બોલતા તો આવડવું જ જોઈએ તેવો આપણને ભ્રમ પેસી ગયો છે. બે ચાર ગુજરાતીઓ ક્યાંક ભેગા થાય તો તેમને અંગ્રેજી બોલવાનો એટેક આવે છે. કેટલાક તો અંગ્રેજી છાંટવાળું પહોળાં ઉચ્ચારોવાળું ગુજરાતી બોલતા હોય છે અને તેનો ગર્વ અનુભવે છે.

(ઓ.કખે..ગાટઝ એન્ડ ગા..લ્ઝ...હું છું ત મા..રો..દો..સ્ત..એન્ડ..હોસ્ટ. વિનું વાહિયાત..એન્ડ તમે લિસન કરી રહ્યા છો.. રેડિયો ચારસો વીસ ઈ..ટ..સ..રો..કિં..ગ..)

આવી રીતે ગુજરાતી ભાષાના 'સિસ્ટર મેરેજ' કરવા બદલ રેડિયો જોકીઓ અને ટીવી પ્રોગ્રામના એન્કરોને તો ખાસ શૌર્યચંદ્રક આપવો જોઈએ. સરસ-મજાની વિપુલ પ્રમાણમાં શબ્દભંડોળ ધરાવતી આપણી માતૃભાષા ગુજરાતીની સૌથી વધુ અવગણના કરતાં હોય તો તે આપણે પોતે જ છીએ. (અંગ્રેજી શીખવામાં કંઈ જ વાંધો નથી, પણ ગુજરાતી ભાષાને બગાડો એ ખોટું ને, ભઈ?!)

પરદેશી, પરદેશી ભાષા અને તેની સાથે પરદેશના ખોરાકનું પણ ગુજરાતીઓને અજબ-ગજબનું વળગણ છે. આપણે ત્યાં જે ચાઈનીઝ ખવાય છે તેવું જો કોઈ પણ ચીનો ચાખી લે તો આપઘાત કરી લે! સવાસો કરોડ ચીનાઓમાંથી કોઈએ ક્યારેય ના ખાધી હોય તેવી એક ચાઈનીઝ વાનગી અહીંયા મળે છે. એ છે 'ચાઈનીઝ ભેળ' આપણે ઈટાલીના પિઝાના પણ આવા જ હાલ કરી નાખ્યા છે. મજાની વાત એ છે કે આપણે ત્યાં ઈટાલિયન પિઝાની સાથે જૈન પિઝા અને ફરાળી પિઝા મળે છે! અને તમને કહી દંઉ બોસ, હવે મેક્સિકન મેંદુવડા અને થાઈ ઠંડાઈ મળતી થઈ જશે.(ટૂંકમાં આપણે વિશ્વની કોઈ પણ વાનગીનું ગુજરાતીકરણ કરવા માટે સક્ષમ છીએ, હોં ભઈ!)

સૌથી વધારે તેલથી લથબથ વાનગીઓ આરોગવાનાં શોખીન ગુજરાતીઓ ખાવાની સાથે 'પીવા'ના પણ શોખીન છે. આ 'પીવા'નું એટલે શું તે કોઈને સમજાવવાની જરૂર નથી. દારૂબંધી હોવા છતાં પણ અહીંયા ખૂબ પીવાય છે. દૂધવાળા અને શાકવાળાની જેમ દરેક પીનારાનો પોતાનો અંગત સપ્લાયર હોય છે. જે હોમડિલિવરી કરી જાય છે. પીવું એ ગુજરાતીઓ માટે મોટું થ્રીલ છે, જેની સાથે આપણે વીરતાનો ભાવ જોડી દીધો છે. ધોનીને આઠ લિટર દૂધ પીધા પછી જેટલો ગર્વ ન થાય તેટલો આપણને બે પેગ પીધા પછી થતો હોય છે. ગુજરાતીઓ અને તેમના પીવાના શોખ પર લખવા બેસીએ તો એક અલગ લેખ લખવો પડે એટલે આ મુદ્દાને અહીંયા જ બોટમ્સ અપ કરી દઈએ.

ગુજરાતીઓનો જીવનમંત્ર છે ખઈ-પીને સૂઈ જવું. ઘણા તો બપોરે ખાધા પછી ચાર કલાક માટે કામ-ધંધા બંધ કરીને આડા પડખે થઈ જતા હોય છે. ગુજરાતીઓની


**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

સંસ્થાના કાર્યાલય ૧૧૮/૧૨૦ આરદેશીર દાદી સ્ટ્રીટ માટે Full Time કામ કરવા માટે વ્યક્તીની જરૂર છે.

તુંરત સંપર્ક કરવા વિનંતી.

***મંત્રી : મંજૂલ ધારીયા - ૯૮૨૦૧૩૫૦૧૪***

રાતની સૂવાની એક ખાસિયત તો અદ્ભૂત છે. આપણે ધાબે-અગાશીમાં સૂવાના શોખીન છીએ.

ઉનાળો શરૂ થતાં વેંત રાત્રે સાડા આઠ-નવ વાગ્યે ગાદલાંના પિલ્લાઓ લઈ ધાબે જતા ગુજરાતીઓને નિહાળવા એક લહાવો છે. એવું ના માનશો કે આપણે ઉનાળામાં નવ વાગ્યામાં સૂઈ જઈએ છીએ. આ તો આપણે બે કલાક માટે પથારી ઠંડી કરવા મૂકીએ છીએ. ધાબે ઠંડી પથારીઓમાં સૂવાનું કલ્ચર માત્ર આપણા ગુજરાતમાં જ છે. એવું અમારું દ્રઢ પણે માનવું થે, (મકાનમાં ઘરફોડ ચોરી થઈ જાય એનો વાંધો નહીં, પણ લાખ રૂપિયાની ઉંઘના બગડવી જોઈએ, હોં ભઈ!) આટલું ખઈ-પીને સૂઈ જઈએ એટલે શરીર વધી જ જાય ને! ફાંદાળા પુરુષો અને બરણી આકારની બહેનો ગુજરાતની ધરતીને ધમરોળતી જોવા મળે છે. તેનું કારણ આપણા આ શોખ જ છે. એટલે જ આપણે લેંઘા-ઝભ્ભા અને સાડીઓ જેવા 'ફલેક્સિબલ' ડ્રેસ અપનાવ્યા છે જેથી શરીર વધે તો પણ કપડાં ટાઈટ પડવાની ચિંતા નહીં.

વધેલા શરીરે ટીવી સામે બેસી રમતગમત જોવાનો પણ આપણને ખૂબ શોખ છે. (આ વાક્યમાં રમતગમત એટલે ક્રિકેટ અને માત્ર ક્રિકેટ) ૧૮ વર્ષની ઉંમર પછી ગુજરાતીઓ શારીરિક શ્રમ પડે તેવી કોઈ રમતો રમતા જ નથી. તેમ છતાંય દરેક બાપ એના દીકરાને અચૂક કહેતો જોવા મળે કે અમે અમારા જમાનામાં બહુ રમતા તા હોં ભઈ!'

વધેલા શરીરવાળા ગુજરાતીઓ માટે કસરત એટલે જમ્યા પછી પાનના ગલ્લા સુધી ચાલતાં જવું તે. મોઢામાં પાન કે મસાલો દબાવી .....વિનયવિહીન ચર્ચાઓ કરવામાં ગુજરાતીઓની માસ્ટરી. પાનના ગલ્લા અને ચાની કીટલીઓ એ ગુજરાતીઓ માટે વૈચારિક આદાન-પ્રદાન માટેના આદર્શ સ્થાનકો છે. સાચો સમાજવાદ આ બે જગ્યાઓએ જ જોવા મળે છે. અહીંયા ગાડી, સ્કૂટરવાળા સાથે જ મજૂર પણ ઉભો રહી ચા પીતો હોય છે. (આ વાત પર બે કટિંગ ચા થઈ જાય, હોં ભઈ!)

દરેક ગુજરાતી મા-બાપને તેમના સંતાનોને ડોકટર, એન્જિનિયર કે સી.એ.બનાવવામાં જ રસ હોય છે. સંતાનોની કરિયર મા-બાપ જ નક્કી કરે છે. કોઈ ગુજરાતી મા-બાપને એવું કહેતા સાંભળ્યા નથી કે મારે મારા દીકરાને કલાકાર બનાવવો છે. મારે મારી દીકરીને એથ્લિટ બનાવવી છે, મારા દીકરાને ફેલ્પસ જેવો તરવૈયો બનાવવો છે. (નાટક-ચેટક, કવિતા, સાહિત્ય-લેખનના રવાડે ચઢેલા છોકરાંવને તો આઉટલાઈનના કહેવાય છે, હોં ભઈ!)

રૂપિયા કમાવા સિવાય બીજો કોઈ પણ શોખ ન ધરાવતા ગુજરાતીઓનો એક શોખ ખૂબ જાણીતો છે. રજાઓમાં ફરવા જવાનો અને તે પણ સાથે ખૂબ બધા નાસ્તા લઈને. જ્યારે અને જ્યાં પણ ફરવા જઈએ ત્યારે ડબ્બાઓના ડબ્બા ભરીને સેવમમરા, ઢેબરાં, ગાંઠિયાં, પૂરીઓ, અથાણાં સાથે લઈને નીકળીએ છીએ. ઘર બદલ્યું હોય એટલો બધો સામાન લઈ ટ્રેનમાં ખડકાઈએ છીએ અને ટ્રેન ઉપડે કે પંદર જ મિનિટમાં રાડારાડી કરતાં નાસ્તાઓ ઝાપટવા મંડીએ છીએ અને ઢોળવા મંડીએ છીએ. ગુજરાતીઓના ફરવાના શોખના કારણે પરદેશની ટૂરમાં ગુજરાતી થાળી મળતી થઈ ગઈ છે. જો ગુજરાતીઓ ફરવાનું બંધ કરી દે તો બધી જ ટ્રાવેલ્સ એજન્સીઓ અને પેકેજ ટૂર, કપલ ટૂરવાળાઓનું ઉઠમણું થઈ જાય. (આપણે ફરવાની સાથે ફરવાની સલાહ આપવાના પણ શોખીન છીએ. નવસારી સુધી પણ નહીં ગયેલો માણસ નૈનિતાલ કેવી રીતે જવું તેની

સલાહ આપી શકે, હોં ભઈ!)

ગુજરાતીઓના લેટેસ્ટ બે શોખ એક ટુ વ્હીલર બીજોમોબાઈલ જગતમાં સૌથી વધારે ટુ વ્હીલર ગુજરાતમાં ફરે છે આપણું ચાલે તો એક રૂમમાંથી બીજા રૂમમાં જવા માટે પણ ટુ-વ્હીલર વાપરીએ. પહેલાના જમાનામાં એવું કહેવાતું તું કે 'દેવું કરીને પણ ઘી પીવું. હવે એવું કહેવાય છે કે 'દેવું કરીને પણ બાઈક લેવું' ગુજરાતીઓના 'દિલની સૌથી નજીક' જો કોઈ હોય તો તે છે મોબાઈલ (કેમકે આપણે મોબાઈલને હંમેશા શર્ટના ઉપલાં ખિસ્સામાં જ રાખીએ છીએ.) જાત-જાતના મોબાઈલ. ભાતભાતની રિંગટોનનો આપણને જબરજસ્ત ક્રેઝ છે. મોબાઈલની સૌથી વધુ સ્કિમ આપણા ગુજરાતમાં જ છે અને તેનો સૌથી વધુ લાભ પણ ગુજરાતીઓ ઉઠાવે છે. જો સ્કિમમાં 'ફ્રી' લખ્યું તો ખલ્લાસ રાત્રે દસથી સવારે છ, મોબાઈલથી મોબાઈલ ફ્રી એવી સ્કિમ જાહેર થાય એટલે ગુજરાતીઓ મચી જ પડે. બાજુ બાજુમાં બેઠા હોય તો પણ મોબાઈલથી મોબાઈલ વાતો કરે! (હે..લો.., અને જ્યારે બિલ આવે ત્યારે કંપનીવાળા જોડે સૌથી વધુ બબાલ પણ આપણે જ કરીએ છીએ, હોં ભઈ!)

ગુજરાતીઓની સ્વભાવગત ખાસિયત પણ અનોખી છે. આપણે એવર ઓપ્ટિમિસ્ટ એટલે કે સદાય આશાવાદી માણસો છીએ. શેરબજાર ક..ડ..ડ..ડ..ભૂ..સ..કરતું તૂટે તો પણ આપણે આશા રાખીએ છીએ કે 'કશો વાંધો નહીં, કાલે બજાર ઉપર આવી જ જશે.' આ સાથે આપણે ગુજરાતીઓ એટલા જ ખમીરવંતા પણ છીએ. ભૂકંપ આવે, પૂર આવે કે બોમ્બ બ્લાસ્ટ થાય, આપણે ત્યાં બીજા દિવસથી તો બધું રાબેતા મુજબ...

ગુજરાતીઓની એક સૌથી મોટી ખાસિયત, ખૂબી, વિશેષતા, વિલક્ષણતા એ છે કે આપણા ગુજરાતીઓ ક્યારેય પણ કોઈનાથી ઈમ્પ્રેસ થતા નથી. સાદા શબ્દોમાં કરીએ તો આપણે ક્યારેય કોઈથી ઘીસ ખાતા નથી. ગમે તેવો મોટો ચમરબંધી હોય પણ આપણે તેનાથી અંજાઈ જતા નથી. એ લાટસાબ હોય તો એના ઘેર, મારે શું ? આવી તાસીર જ આપણને 'જીદ કરી દુનિયા બદલવાની' શક્તિ આપે છે અને તેના લીધે જ ગુજરાતી ધરતી પર ગાંધીજી, સરદાર અને ધીરૂભાઈ જેવી હસ્તીઓ પાકી છે. (શું કહો છો, બરાબરને ભઈ?)

સાચું કઉં તો મને તો એક ગુજરાતી હોવાનો બહું ગર્વ છે, તમને છે ? હોય તો એક સાચા ગુજરાતી તરીકે તમે પણ આપણી આ 'ગુજરાતી ગૌરવ ગાથા ને આગળ ધપાવો.

# ખુશ ખબર નાના બાળકો માટે જેની ઉંમર ૧૬ વર્ષથી નીચે હોવી જરૂરી છે

તમે બધા જાણો છો કે આપણા દેશમાં ક્રિકેટને કેટલું મહત્વ અપાય છે. ક્રિકેટનું નામ સાંભળીને લોકો ઉત્સાહિત થઈ જાય છે. જેથી કરીને આ વર્ષે બાલાસિનોર નવયુવક સંઘે પહેલી વાર નાના છોકરાને પણ આગળ આવે, જેથી આ વર્ષે ક્રીકેટ સમીતીના સભ્યોએ નક્કી કરી અને છોકરાઓને મેચ રમવા માટે મોકો આપ્યો છે.

**નિયમો નીચે મુજબ રહેશે.**

(૧) ફોર્મ ભરવાની છેલ્લી તારીખ :- ૨૬-૯-૦૯ (શનિવારે) રાખેલ છે.

(૨) ૨૬-૯-૦૯ પછી ફોર્મ ભરવામાં નહિ આવે.

(૩) દરેક પ્લેયરએ એની કાબલીયત લખવી પડશે, અને ફોર્મ ભરતી વખતે એનું સરનામું અને ફોન નંબર વ્યવસ્થીત લખવો પડશે.

(૪) જે પણ છોકરાએ રમવું હોય તો તેનું ફોર્મ તેને અથવા તેના વાલિઓએ જાતે ભરવાનું રહેશે. અને ફોન પર નહિ જણાવી શકાય. બાલાસિનોર સંઘ અને ક્રીકેટ કમીટી તેમના ફોર્મ નહી ભરે.

(૫) દરેક પ્લેયરે એનું ફોર્મ નિયમો અનુસાર ભરવાનું રહેશે.

(૬) મહેરબાની કરીને ફોર્મ ભરીને નીચે મુજબ સ્થળે આપવાં.

(એ) બાલાસિનોર નવયુવક સંઘ, ઓફિસે સાંજે ૭ થી ૮ વાગ્યા સુધી છે.

(બી) કીંજલ પરીખ, વીજય ટ્રેડીંગ કોરપોરેશન ૧૫૧ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, અશોકા હાઉસ મુંબઈ - ૪૦૦૦૦૩

(સી) ચીરાગ પરીખ, ટ્રીસ એન એક્ષ, ૨૨ પીજારા લેન, અબ્દુલ રહેમાનની બાજુમાં મુંબઈ - ૪૦૦૦૦૩,

(૭) જે પણ છોકરાઓ ૧-૧-૯૪ પછી અને ૩૧-૧૨-૧૯૯૯ પહેલા જન્મ થયા હોય તેજ ભાગ લઈ શકશે.

(૮) વહેલો તે પહેલા ધોરણે ફોર્મ ભરવાના રહેશે અમે લોકો ૨૬ ફોર્મ લેવાના છે.

(૯) મેચ રમવા માટે ફી રૂપિયા ૨૦૦/- ભરવાના છે.

(૧૦) દરેક છોકરાની જમવાની વ્યવસ્થા મેચ દરમ્યાન રાખી છે.

(૧૧) દરેક પ્લેયરે સવાર ૯.૩૦ વાગે ગ્રાઉન્ડ પર આવવાનું છે.

(૧૨) કોઈપણ સંજોગોમાં પ્લેયરને મેચ દરમ્યાન બહાર જવું હોય તો ક્રીકેટ કમીટીની રજા લેવી પડશે. નહિ તો તેને મેચ નહિ રમવા દેવાય.

(૧૩) દરેક પ્લેયરે સફેદ ડ્રેસ પહેરીને આવવાનું રહેશે.

(૧૪) દરેક મેચ ૩૦ ઓવરની રહેશે.

(૧૫) ક્રીકેટ કમીટીની જવાબદારી રહેશે કે મેચ દરમ્યાન કોઈપણ છોકરાઓ બહાર જવા નહી જોઈએ, અને મેચમાં કોઈપણ જણને વાગે કે કંઈ પણ થાય તો તેની જવાબદારી છોકરાના માતાપિતાની રહેશે. (મેચ દરમ્યાન વાલીઓએ બેસવું જરૂરી રહેશે.)

(૧૬) બાલાસિનોર નવયુવક સંઘને જે પણ નિયમો બદલશે તેની જાણ પ્લેયરને કહેવામાં નહિ આવશે.

(૧૭) ક્રીકેટ મેચ ગમે ત્યારે શનિવાર અથવા રવિવારે રાખવામાં આવશે, જેથી છોકરાને અને,તેના વાલીઓએ તેનું ધ્યાન રાખીને ફોર્મ ભરવાના રહેશે.

(૧૮) અમ્પાયરો જે પણ નિર્ણય લેશે, તેનો દરેક પ્લેયરએ અમલ કરવો પડશે, અને વધું જાણકારી માટે તમે અમારા કમીટી મેમ્બરોને ફોન દ્વારા સંપર્ક કરી શકો છો. વધું જાણકારી મેળવવા માટે.

***ક્રીકેટ કન્વીનર, કિંજલ પરીખ***

web Site:- www. balasinor.org.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (ઉપનગર વિભાગ) સહર્ષ યોજે છે
## દાંડીયા રાસ

તા. ૧૧-૧૦-૦૯, સ્થળ :- સંસ્કૃતિ ભવન, નરવણે વિદ્યાલય, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં સ્વીમીગ પુલની સામે, એમ.જી.રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૬૭

ઉપનગર વિભાગનો પ્રથમ પ્રોગ્રામ દાંડિયારાસ ૨૦૦૯નાં ઓકટોબરની ૧૧ તારીખે રાખેલ છે. આ સાથે શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત શૈક્ષણિક પારિતોષિકનું વિતરણ કરવામાં આવશે. ઉપનગર વિભાગના ધોરણ ૧ થી ૯ વર્ષ ૨૦૦૮- ૨૦૦૯ના ઈનામો આપવામાં આવશે. દરેક જણને એમના બાળકોના રિઝલ્ટની ઝેરોક્ષ કોપી મોકલી આપવા વિનંતી, રિઝલ્ટની પાછળ સરનામુ તેમજ ટેલીફોન નંબર ખાસ લખવો. તા. ૨૫-૦૯-૦૯ સુધીમાં આ કોપી નીચેના કોઈપણ સરનામે મોકલાવવી.

(૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :- સંસ્થાની ઓફિસ
(૨) શ્રી ગાંધી નિમીષ બાબુલાલ :- બી, ૩૧, ઉજે મલે રાજેશ એપાર્ટમેન્ટ, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ - ૬૯
(૩) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ :- ૨૩/૨૪ સિદ્ધી એપાર્ટમેન્ટ શક્તિ નગર, મલાડ (વેસ્ટ) મું. ૬૪
(૪) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ :: સી, ૩૦૨ સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ) મું. ૯૨
(૫) શ્રી ધારિયા કલ્પેશ કિર્તનલાલ :- બી, ૪૦ ભાગ્ય એપાર્ટમેન્ટ, ભરડાજી અંધેરી (વેસ્ટ) મું, ૫૮.

**નોંધ :-** દાંડિયા રાસની વધુ વિગતો આવતા અંકમાં વાચવી.

**સંયોજક - ગોપાલ કડકીઆ** **મંત્રી - મંજુલ ધારીઆ.**

## બાલાસિનોર નવયુવક સંઘ

**ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના**

**વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. વિદ્યાર્થીને ફી સહાય કરવામા આવશે. આ માટે અરજી પત્રકો સંઘની ઓફીસમાંથી લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ સંઘની ઓફિસમાં તા. ૧૦-૯-૦૯ પહેલા આપી જવા વિનંતી. ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય.**

**આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે, તેથી જરૂરીયાતવાળાઓ તેનો લાભ અવશ્ય લેશો તેવી આશા.**

***મંત્રી - મંજુલ શૈલેશ ધારીઆ.***

***સંયોજક :- નિખિલ નવનીતલાલ પરીખ***

# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

### TALENT APPRECIATION SCHEME

જ્યોતિપુંજ માસિકના મે/જૂન ૨૦૦૯ના અંકમાં જણાવેલ ઉપયુક્ત યોજનાના અનુસંધાનમાં વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિએ શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું ચાલુ વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં (સપ્ટેમ્બર ૨૦૦૯) સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

આ યોજના હેઠળ તા. ૧-૪-૨૦૦૮ થી ૩૦-૬-૨૦૦૯ સુધીના સમયગાળામાં દર્શાવેલ / પ્રાપ્ત થયેલ યોગદાનની રજુઆત ગણતરીમાં લેવામાં આવશે. રજૂઆત કરતી વખતે Talant ની યોગ્યતા દર્શાવતું પ્રમાણપત્ર સર્ટિફિકેટ અથવા અન્ય જરૂરી માહિતી (Proof / Supporting document) તા. ૩૧-૮-૦૯ સુધીમાં આપવાની રહેશે. આ સિવાય વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો.

આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પરજ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા) શ્રી નિખિલ પરીખ (લાય) શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) તેમજ મંડળની કારોબારી સમિતિના અન્ય સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

### શૈક્ષણિક સહાય

મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા.૧૦,૦૦૦/-ના વાર્ષિક યુનીટની અમારી માંગણી અંગે જણાવવાનું કે સખાવતી દાતાઓ તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦/-ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે.

આજ દિન સુધી મંડળને રૂા. ૧૦,૦૦૦/-ના એક એવા ૧૫ યુનીટ પ્રાપ્ત થયા છે આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

*કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*
*શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ*

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ
## ૧૩મી વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત સમાજની સભ્યોની ૧૩મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તારીખ - ૩૦-૮-૦૯ના દિવસે સવારે ૧૦.૩૦ કલાકે શ્રી લાડની વાડી, સી.પી.ટેન્ક ખાતે યોજવામાં આવેલ છે.

સૌ સભ્યોને વખતસર હાજર રહેવા વિનંતી
લી. શ્રી બાલાસીનોર ગોકુલેશ સમાજવતી
શ્રી બીપીન કીરતનલાલ દોશીના
જય જય શ્રી ગોકુલેશ

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ : મુંબઈ

**નિમંત્રણ પત્રિકા**

વ્હાલા ભગવદીય વૈષ્ણવો,

સહર્ષ જણાવવાનું કે પ્રતિવર્ષ મુજબ ચાલુ વર્ષે પણ તા. ૫.૯.૦૯ તથા ૬.૯.૦૯, શનિવાર તથા રવિવારે ઉપરોક્ત સમાજ તરફથી એક ઉભયદિવસીય વ્યાખ્યાનમાલાનું આયોજન કરવામાં આવ્યું છે.

**મનોરથી :-**

આ શુભ પ્રસંગના મનોરથી બનવાનું સૌભાગ્ય અ.સૌ.હેમલતા અશ્વિનકુમાર ધારિયા (તે શ્રી રસીકલાલ મણીલાલ પરીખ, લાકડાવાળાની સુપુત્રી) ને પ્રાપ્તથયું છે.

**અમૃત પાન :-**

મુંબઈ નિવાસી પ.પૂજય શાસ્ત્રીજી શ્રી જયવલ્લભ શાસ્ત્રીજી પોતાની અમૃત વાણીથી વચનામૃતોનું પાન કરાવશે.

**સ્થળ :-** શ્રી પ્રેમપુરી અધ્યાત્મ ભવન, હયુજીસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭

**સમય :-** રોજ સાંજે ૩.૩૦ થી ૬.૩૦ સુધી

**નિમંત્રણ :-** આ પાવનકારી પ્રસંગે બાલાસીનોરના સર્વે વૈષ્ણવો, બન્ને સત્સંગ મંડળની સર્વે બહેનો તેમજ સત્સંગી ભાઈઓને આ અમુલ્ય લાભ લેવા અમારૂં પ્રેમભીનું આમંત્રણ છે.

આપ સર્વે મોટા સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો એજ આશા.

**લી.**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

નવનીતલાલ ચંદુલાલ પરીખ
(સરકાર )પ્રમુખ
રસીકલાલ મણીલાલ પરીખ
(લાકડાવાળા) ઉપપ્રમુખ

બીપીન કીરતનલાલ દોશી મંત્રી
બંસીલાલ મણીલાલ ગાંધી
રાજેન્દ્ર મણીલાલ કડકીઆ, સહમંત્રીઓ

**તથા અશ્વિનકુમાર ધારિયાના**

**જય જય શ્રી ગોકુલેશ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
# એક જણ ભણશે તો એક કુટુંબને તારશે

આજે દુનિયામાં ભારતનો ડંકો વાગે છે ભણતરના લીધે અને ભણતર ક્ષેત્રે બાલાસિનોરવાસીઓ એ ખૂબજ નામના મેળવી છે. આપણા બાલાસિનોરવાસીઓએ સરસ્વતીની આરાધના કરીને લક્ષ્મી મેળવી છે અને પાછી એજ લક્ષ્મીને સરસ્વતીની આરાધના કરતાં વિદ્યાઉત્સુક બાળકો માટે દાન રૂપે વહાવી છે. કહે છે ને એક વ્યક્તિ ભણે છે ત્યારે એક કુટુંબ સધ્ધર બને છે અને આપણે સામાજીક જવાબદારી ત્યારે જ નિભાવી કહેવાય જ્યારે ભણતર મેળવીને દરેક કુટુંબ પોતાના પગ ઉપર ઉભુ રહે. કોઈપણ કુટુંબ કે વ્યક્તિ સમાજ પાસે મદદ માંગવાની લાચારીમાંથી ત્યારે જ બહાર આવી શકે જ્યારે એ કુટુંબમાં યુવાન અને યુવતી ભણીગણીને પગભર બને. આપણે એવા સમાજનું ઘડતર કરવાનું છે જ્યારે કોઈ કુટુંબમાં યુવાન અને યુવતી ભણીગણીને પગભર બને. આપણે એવા સમાજનું ઘડતર કરવાનું છે જ્યાં કોઈ કુટુંબ મદદ મેળવવા મજબુર ન હોય. પરંતુ એમાં બંધનરૂપ છે આજનું મોઘું બનેલું શિક્ષણ આ ક્ષેત્રે આપણા બાળકોને મદદની જરૂર છે. પૈસાના અભાવે કોઈક હોશિયાર વિદ્યાર્થી જો કોલેજમાં ન જઈ શકે, ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ ન લઈ શકે, વિદેશ ભણવા ન જઈ શકે કે પછી પાયાનું શિક્ષણ પણ ન લઈ શકે તો ખુમારીથી જીવવા માંગતા કુટુંબનું, સમાજનું ઘડતર શક્ય નથી. વિદ્યોતેજક મંડળ ૮૫ વર્ષથી વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે મદદ રૂપ થાય છે. પરંતુ મોંઘવારી સાથેની દોડમાં થોડું પાછળ પડી જાય છે, એને જરૂર છે આપ સૌ દાતાઓની મદદની આ મદદ આપ મંડળને નહી પણ પેલા ઉત્સાહિત, હોશિયાર વિદ્યાર્થીને, એનાં કુટુંબને કરી રહ્યાં છો. એજ વિદ્યાર્થી કાલનો દાતા બનશે અને સમાજનું ઋણ અનેકઘણું કરીને ચુકવશે. આપણે ભવિષ્યનાં દાતાનું ઘડતર કરવાનું છે. મંડળ ભુતકાળમાં મદદ મેળવનાર વિદ્યાર્થીમાંથી મદદ આપનાર અનેક દાતાના સહકારથી જ આ કાર્ય કરી રહ્યું છે. આશા છે ભવિષ્યના દાતાઓનું ઘડતર કરવામાં આજના દાતાઓ પાછા નહી પડે. નીચેની છ યોજના માટે એમને મદદની જરૂર છે. દરેક યોજના સાથે દાતાનું નામ જોડવામાં આવશે.

(૧) Overseas Education Scheme **વિદેશ ભણતર યોજના – રૂા. ૧૫,૦૦,૦૦૦(પંદર લાખ કે વધુ)**

(૨) Primary Education Scheme **પ્રાથમિક ભણતર યોજના રૂા. ૭,૫૦,૦૦૦(સાડા સાત લાખ કે વધુ)** up to std. IV

(૩) Secondary Education Scheme **માધ્યમિક ભણતર યોજના રૂા. ૭,૫૦,૦૦૦ (સાડા સાત લાખ કે વધુ)** Std V to X

(૪) Higher Secondary Education Std XI to XII **ઉચ્ચ માધ્યમિક ભણતર યોજના રૂા. ૧૧,૦૦,૦૦૦ (અગિયાર લાખ કે વધુ)**

(૫) Graduate Education Scheme Bachelor's Degree **સ્નાતક ભણતર યોજના રૂા. ૧૧,૦૦,૦૦૦ (અગિયાર લાખ કે વધુ)**

(૬) Post Graduate Education Scheme **ઉચ્ચ સ્નાતર ભણતર યોજના** Master's Degree **રૂા. ૭,૫૦,૦૦૦ (સાડા સાત લાખ કે વધુ)**

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમુખ | : | રસીકલાલ મણીલાલ લાકડાવાળા | | |
| ઉપપ્રમુખ | : | સતીશ પરીખ (રોકડીયા) | – | અસીત આર. દેસાઈ (મેનપૂરવાલા) |
| મંત્રીઓ | : | કિરીટ ર. કડકીઆ (મલમ) | – | શરદ ન. દેસાઈ |

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
## TALENT APPRECIATION SCHEME
## ભણતરનું મહત્વ છે એની ના નહી પણ ગણતરનું શું ?

આપણે હંમેશા ભણવામાં હોશિયાર, માર્કસ અને ટકાવારીને વખાણીએ છીએ, બિરદાવીએ છીએ પણ બીજા ક્ષેત્રોમાં આગળ વધતાં બાળકોને પ્રોત્સાહિત કરતાં નથી, મોટાં થયા પછી પણ ઘણા લોકો સામાજીક ક્ષેત્રે, વ્યાવસાયિક ક્ષેત્રે કે અન્ય ક્ષેત્રમાં નામના મેળવે છે. પરંતુ આપણે તેઓની કદર કરવામાં પાછા પડીએ છીએ. આ ભુલ હવે નહી થાય, બાળકો તથા કોઈપણ ઉંમરની વ્યક્તિમાં TALENT હોય અને એ ટેલેન્ટ જાહેર ક્ષેત્રમાં બહાર આવે તો એને યોગ્ય સન્માનપત્ર તથા પુરસ્કારથી નવાજવાનું વચન આપતી આ સ્કીમ આપણા સૌ માટેની યોજના છે. નામ છેTALENT APPRECIATION SCHEME બહુ વિશાળ ફલકમાં ફેલાયેલી ટેલન્ટને બિરદાવતી આ સ્કીમ આમતો બહુ મોટી રકમ માંગી લે છે. પરંતુ અમે આ સ્કીમ ફક્ત રૂા. દસ લાખથી શરૂ કરવા માંગીએ છીએ. આ સ્કીમમાં ટેલેન્ટ ને બિરદાવતું સર્ટીફીકેટ આપવામાં આવશે અને દરેક સર્ટીફીકેટ ઉપર આ યોજનાનાં દાતાનું નામ છાપવામાં આવશે. આ ઉપરાંત જ્યોતિપુંજમાં ટેલેન્ટની વિગતો જાહેર થશે એમાં પણ દાતાઓનું નામ છપાશે. અમારી પાસે આપનું નામ જોડાવા માટે સ્થાવર જંગમ મિલકત નથી પરંતુ દરેક સફળ વ્યક્તિને બિરદાવનાર દાતા તરીકેનું નામ કાયમી સંભારણું બનીને ઘર ઘરમાં પહોંચશે, લોકોના દિલ સુધી પહોંચશે આ માટે દશ લાખની રકમ તો બહુ મામુલી ગણાય આશા છે દાતાઓ આ માટે પોતાની પૈસા કમાવવાની અને દાન આપી શકવાની ટેલેન્ટનો ઉપયોગ કરીને સમાજનું એપ્રીશીએશન મેળવવા પ્રતિસ્પર્ધા કરશે.

| | | | | |
|---|---|---|---|---|
| **પ્રમુખ** | : | **રસીકલાલ મણીલાલ લાકડાવાળા** | | |
| **ઉપપ્રમુખ** | : | **સતીશ પરીખ (રોકડીયા)** | - | **અસીત આર. દેસાઈ (મેનપૂરવાલા)** |
| **મંત્રીઓ** | : | **કિરીટ ર. કડકીઆ (મલમ)** | - | **શરદ ન. દેસાઈ** |

# બાલાસિનોર કોલેજમાં 'અભિમુખતા'' કાર્યક્રમ

બાલાસિનોર આટર્સ / કોમર્સ કોલેજમાં પ્રથમ વર્ષ વિનયન અને કોમર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટેનો અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો. તમે તમારી કોલેજને ઓળખો, તેમાં પ્રથમ આચાર્યશ્રી ડૉ.ડી.પી.માછીએ કોલેજની સગવડો, સુવિધાઓ અને બાલાસિનોર વિદ્યામંડળે કરેલી સુવિધાઓની જાણકારી આપી, તેમજ કોલેજમાં ૩૬ જેટલી સમિતિઓ છે. તે સમિતિઓના ઈનચાર્જશ્રીઓએ શિક્ષણોત્તરપ્રવૃતિઓમાં નવા વિદ્યાર્થીઓ જોડાય તે અંગેની માહિતી આપવામાં આવી, વિષયના અધ્યક્ષોએ વિષયની માહિતી આપી, અધ્યક્ષોએ વિષયની માહિતી આપી, લાયબ્રેરી વિભાગે કોલેજમાં પુસ્તકો છે. તેની માહિતી આપવામાં આવી, વહીવટી વિભાગમાંથી ઈનચાર્જ ઓ.એસ. શ્રી કુવરજી ભરવાડે વિવિધ શિષ્યવૃતિઓ મેળવવા અંગેની સમજ આપી, તેમજ બાલાસિનોર વિદ્યામંડળ ગરીબ વિદ્યાર્થી માટે ફી રાહતની માહિતી આપવામાં આવી, તેમજ વિદ્યામંડળ તરફથી રાહત દરે ચોપડા વિદ્યાર્થી માટે દર વર્ષે આપવામાં આવે છે, તે અંગેની માહિતી આપી. કોલજમાં નવા વિદ્યાર્થીઓ ત્રિમાસિક કોર્ષ, છ માસિક કોર્ષ અને વાર્ષિક કોર્ષ હોસ્ટેલ વિભાગમાં ચાલે છે. તેની માહિતી આપી. તેમજ કોલેજમાં સ્કોપનું સેન્ટર ચાલે છે. જી.કે.એસ.નું સેન્ટર ચાલે છે. તેનો લાભ લેવા જણાવ્યું, કોલેજમાં શ્રીજી કોમ્પ્યુટર લેબમાં સામાન્ય ફી થી કોમ્પ્યુટરના સર્ટીફીકેટની વ્યવસ્થા કરવામાં આવી છે, સ્પોકન અંગ્રેજીના વર્ગો પણ કોલેજમાં ચાલે છે. તેનો લાભ લેવા પણ વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. આર.એસ.ભટ્ટે કર્યું.

## શ્રી ગોકુલનાથજી મંદિર - બાલાસિનોર

અગાઉની અપીલના પ્રતિસાદમાં ફગવા બગીચા મંદિરમાં ગૌશાળા સાથે નામ જોડવા રૂા. ૩ લાખ અને ફગવા મંદિરમાં પ્રથમ મજલાના રીનોવેશન માટે તકતી માટે રૂા.ર લાખ આ બંન્ને યોજના માટે સેવા શ્રી પુનમચંદ ભીખાલાલ પરીખ (અધોળી) તરફથી મળેલ છે. શ્રી ઠાકોરજી તેઓને આવી રીતે વધુ સેવા કરવા પ્રેરણા આપે.

***ટ્રસ્ટી મંડળ - ગોકુલનાથજી મંદિર***

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ

**(૧) શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ**

**-: ડાયાબિટીસ નિદાન કેમ્પ:-**

હોસ્પિટલમાં તા. ૨૧-૬-૦૯ના રોજ શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજવામાં આવેલ જેમાં આણંદના ફીજીશીયન ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓશ્રીના ડૉકટરોની ટીમ સાથે આવેલા. આ કેમ્પમાં કુલ ૧૪૫ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ, ૫૭ ઈ.સી.જી. તથા ૧૨૭ દર્દીઓને પાંચ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા.૧૮૮૪૫/-ની માફી કરવામાં આવેલ.

આ કેમ્પમાં શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ- પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ શ્રી ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્રભાઈ દેસાઈ તેમજ કારોબારી સભ્યોશ્રી નિતીનભાઈ પરીખ, શ્રી પરેશભાઈ પરીખએ હાજરી આપી હતી તેમજ આ કેમ્પમાં સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓ.શાહ તથા સ્થાનિક સભ્યોશ્રી વિપીનભાઈ ઓ.મોદી(ઠાસરાવાળા), શ્રી રાવજીભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈ શાહ, શ્રી મયંકકુમાર ચોકસી, શ્રી હાજી અબ્દુલ મુનાફભાઈ શેખ હાજર રહેલા.

**(૨) શ્રી જયંતિલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) ગ્રીન ફાઉન્ડેશન સીકંદરાબાદ બ્લડ સ્ટોરેજ સેન્ટર**

**-: બ્લડ ડોનેશન કેમ્પ:-**

બાલાસિનોર કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી બાલાસિનોરના સહયોગથી તા. ૫.૭.૦૯ના રોજ બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલો. આ કેમ્પમાં કુલ ૩૩ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. આ બ્લડ બોટલ ઈન્ડીયન રેડ ક્રોસ બ્લડ બેંકને આપવામાં આવેલ. આ કેમ્પમાં હોસ્પિટલના પ્રમુખશ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખશ્રી ડૉ. નગીનદાસ શાહ તથા સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓ.શાહ તથા સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં સીનીયર સીટીઝન ગ્રુપ, મુંબઈ તરફથી દરેક બ્લડ ડોનરને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

**(૩) શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાલા) માનસિક રોગ નિદાન કેમ્પ**

હોસ્પિટલમાં તા. ૧૪-૦૭-૦૯ના રોજ શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાલા) પ્રથમ માનસિક રોગ નિદાન કેમ્પ યોજનામાં આવેલો. આ કેમ્પમાં કુલ૨૭ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં તમામ દર્દીઓને પાંચ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આનંદના માનસિક રોગના નિષ્ણાંત ડૉ. અમિત કે શાહ એ સેવાઓ આપેલ.

**(૪) ઓપરેશન મિતિયોજનામાં અગાઉનાં ૪૦૬ ઉપરાંત નીચે મુજબના વધુ દાતાઓનાં વચન મળેલ છે**

(૧) શ્રી રિતેશભાઈ ભાઈલાલભાઈ પટેલ -મુ. બાલાસિનોર

(૨) શ્રી નટવરલાલ મણીલાલ પરીખ ( ડાબલી), (૩) શ્રીમતી મધુરીબેન નટવરલાલ પરીખ (ડાબલી)

(૪) શ્રી લક્ષ્મીદાસ ભીખાલાલ મોદી (બાલી)

**(૫) કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં નોંધાયેલ વધુ દાન :-**

હોસ્પિટલમાં સિદ્ધિ વિનાયક મંદિરમાં નિર્માણ માટે શ્રીમતી મધુરીબેન નટવરલાલ તરફથી અગાઉના રૂા.૧૫,૦૦૦/- ઉપરાંત વધુ એક લાખના દાનનું વચન મળેલ છે.

***મંત્રીશ્રીઓ:- શ્રી ધિરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્ર દેસાઈ***

# ગ્રામ સેવા સમાજ બાલાસિનોર - કાંતિલાલ પરીખ પાર્ક

અગાઉ જ્યોતિપુંજમાં પ્રગટ થયેલી અપીલના પ્રતિસાદમાં જે રકમ પ્રાપ્ત થયેલી કે નોંધાયેલી તે યાદી જુલાઈ માસમાં પ્રગટ કરવામાં આવી છે. વધુ દાતાઓનો ફાળો મળ્યો છે/ નોંધાયો છે.

- રૂા. ૩૦૦૦/- રસિકલાલ કોદરલાલ કાપડીઆ
- રૂા. ૨૦૦૦/- રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા)
- રૂા. ૨૦૦૦/- જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર)
- રૂા. ૧૦૦૦/- મધુબેન બાબુલાલ દેસાઈ (પેઢીવાળા)
- રૂા. ૧૦૦૦/- રજનીકાંત સાકરલાલ શાહ (ઉજડાવાળા)
- રૂા. ૧૦૦૦/- જગદીશ કાંતીલાલ પરીખ (કુવાવાળા)
- રૂા. ૧૦૦૦/- કીરીટ મોહનલાલ મોદી (ખાંડીવાવાળા)
- રૂા. ૫૦૦/- પ્રફુલ ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા)
- રૂા. ૫૦૦/- રમેશચંદ્ર લલ્લુભાઈ ધારીઆ (વકીલ)
- રૂા. ૫૦૦/- રસિકલાલ મુળજીભાઈ દેસાઈ.
- રૂા. ૫૦૦/- શીરીષ જગમોહનદાસ પરીખ (ચાગરમ)

વધુ ભાઈ-બહેનો આ પાંચ વર્ષમાં એક વારની ટહેલમાં ફાળો મોકલશે. રૂા. ૧,૫૦,૦૦૦/-) રૂા. એક લાખ પચાસ હજારની હજી જરૂર છે. અગાઉના જ્યોતિપુંજમાં રૂા. ૧,૫૦,૦૦૦) ના બદલે રૂા. ૧૫,૦૦૦) ભૂલથી છપાયેલ છે. સહકાર બદલ સહુ ભાઈ-બહેનોનો આભાર

## સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ આયોજીત

### અ.સૌ.લીલાબેન પ્રવિણચંદ્ર કચેરીઆ

### :- સ્મૃતિ ભક્તિ સંધ્યા :-

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ દ્વારા નિયમીત યોજાતી ઉપરોક્તભક્તિ સંધ્યામાં શુક્રવાર તા. ૨૨.૫.૦૯ સાંજે ૫.૧૫ થી ૭.૩૦ દરમ્યાન નીચે જણાવેલ કાર્યક્રમ યોજેલ છે.

**કાર્યક્રમ** : ગુરૂવાર તા. ૧૭.૯.૨૦૦૯ **સમય** : સાંજે ૫.૧૫. થી ૭.૩૦ કલાકે

**ભક્તિ સંગીત** : શ્રીમતી હીના મહેતા **વકતા** : હરિભાઈ કોઠારી

**વિષય** : માતૃ વંદના

**સ્થળ**

પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, ત્રીજે માળે, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭

ફોન : ૨૩૬૩૨૬૦૮ / ૨૩૬૭૬૩૯૭

**નિમંત્રક :**

પ્રવિણચંદ્ર લલ્લુભાઈ કચેરીયા

ના.જે.જે.શ્રી ગોકુલેશ

# ''બસ એક જાકારો''

પગની પાની મૃત પાય થવા લાગી!
રૂધિરનું ભ્રમણ ઓછું થતું જાય છે.
કાયાની તળેટી જડ થતી ભાસે છે.
ક્યાં, ક્યારે, ટાણે કટાણે ધરતી કંપ
સર્જાય તેનીજ ખબર નથી. (૧)
આજ આ વૃક્ષની ઘટાને કોની નજરૂ લાગી.
ધીમેધીમે લીલામાંથી પલ્લવો, સુવર્ણ રૂપ ધરતાંજ વિખરાવા લાગ્યાં
આંગણે શોભતું આ વૃક્ષ, હવે બોજારૂપ લાગી રહ્યું છે.
વૃક્ષના મૂળમાંજ ઉધઈ રૂપી સડો ઉપર વધતો જાય છે.
છાંયડો આપતું આ વૃક્ષની નીચે, જન સમુદાય લાભ લેતું રહ્યું
હવે કષ્ટ રૂપી વૃક્ષ, અળખામણું બની ગયું.
વૃક્ષની કાયાને વેતરી, તાપણુંને દેગડી ગરમ કરી કામ આવશે (૨)
પણ હાય, આ માનવીના છાંયડે પોષાતાં,
સ્વજનોને બોજારૂપ બનતો
આ જીવ! કોના માટે વલખાં મારે છે શા માટે ?
શું મેળવ્યું માનવીએ, ''હાથ ખાલી''
ના અંગ પર રહેતું વસ્ત્ર કે ઘરણું
માનવીને અંતમાં શું મળશે ?
''બસ, એક જાકારો !''

***''ચાંદશા'' ચંદ્રકાંત શાહ (ચટઈ)***



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગે જુલાઈ મહિનામાં રમત નો કાર્યક્રમ રાખેલો જેમાં એક દાતા તરફથી રૂા. ૧૦૦૦૦ મળેલા. મહિલા વિભાગ તેમનો તથા તેમના પરિવાર જનોનો હૃદયપૂર્વક આભાર માને છે. જેમાં બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધેલો. આ રોજીંદી જીંદગીમાં કંઈક નવું. રમત ગમતમાં પાંચ ગેમ રમાડેલી. પહેલી ગેમ લખવાની રમાડેલી જેમાં ૧૫નું ગ્રુપ રાખેલું અને ૧૫-૧૫ના પહેલા અને બીજા એમ બે ગ્રુપ રાખેલું અને ૧૫.૧૫ના પહેલા અને બીજા એમ બે ગ્રુપને પ્રાઈઝ આપેલા.

જેના નામ નીચે પ્રમાણે છે.

પહેલું પ્રાઈઝ

(૧) પ્રિતી ધારીયા, (૨) પ્રતીક્ષા મોદી, (૩) શીલ્પા કચેરીયા, (૪) સેજલ ધારીયા, (૫) પ્રિતી કડકીયા, (૬) અસ્મીતા દોશી, (૭) અશ્વીના દેસાઈ, (૮) વર્ષા શાહ, (૯) કનક મોદી, (૧૦) ચંદ્રા પરીખ, (૧૧) રીન્કુ પરીખ, (૧૨) તેજલ દેસાઈ, (૧૩) નેહા કડકીયા, (૧૪) પુનીતા કડકીયા, (૧૫) પ્રતીક્ષા ધારીયા.

બીજું પ્રાઈઝ :-

(૧) કોકિલાબેન કચેરીયા, (૨) મીનાક્ષી શાહ, (૩) રેખા કડકીયા, (૪) છાયા મહેતા, (૫) મીતા દેસાઈ, (૬) શ્રુષા કચેરીયા, (૭) પૂર્ણિમા શ્રીમાંકર, (૮) આશા ગાંધી, (૯) સુરેખા મોદી, (૧૦) કલ્પના કડકીયા, (૧૧) સુરેખા મોદી, (૧૨) નૂતન પરીખ, (૧૩) દીપીકા કડકીયા, (૧૪) સીમોની ઝરીવાલા), (૧૫) મીનોતી શાહ.

ઉપરના બે ગ્રુપને લખવાની ગેમમાં પ્રાઈઝ મળેલાં અને એ જ બે ગ્રુપને ફેન્સી ડ્રેસ કોમ્પીટીશનમાં પણ પ્રાઈઝ મળેલા. ત્રીજા રમત પાનાની રમાડેલી જેમાં પાંચ પ્રાઈઝ આપેલા.

(૧) અંજુ ધારીયા, (૨) કોકિલા શાહ, (૩) મૃદુલા શાહ, (૪) અમી પરીખ, (૫) તેજલ દેસાઈ.

ચોથી ગેમ ફોર કોર્નર રમાયેલી જેમાં પાંચ પ્રાઈઝ આપેલા.

(૧) મીનાક્ષી દેસાઈ, (૨) માલીની દેસાઈ, (૩) પ્રિતી ગાંધી, (૪) શીલ્પા શાહ, (૫) શીલ્પા એન.શાહ

અને છેલ્લી ગેમ લક્કી ડ્રો રાખેલો.

જેમાં પણ પ્રાઈઝ આપેલા.

(૧) હંસા પરીખ, (૨) ભાનુબેન પરીખ, (૩) પ્રિતી કડકીયા, (૪) સુર્યાબેન ધારીયા, (૫) કુમુદબેન ધારીયા.

રમત ગમતના કાર્યક્રમમાં બધાને ખૂબ જ મઝા આવી અને બધાને ૧ સમોસુ અને ફ્રુટી આપેલી. જેને ન્યાય આપી બધા હસતા હસતા છુટ્ટા પડેલા.

મહિલા મંડળનો આગામી કાર્યક્રમ દાંડિયા રાસનો રાખ્યો છે.

તારીખ :- ૧-૧૦-૦૯, સમય :- ૨.૩૦ કલાકે, સ્થળ :- હિંદી વિદ્યા ભવન.

એના પાસ સંસ્થાની ઓફિસેથી ૧૬મી સપ્ટેમ્બરે બુધવારે ૩ થી ૪ ની વચ્ચે આપવામાં આવ્યા વશે. એમાં નાસ્તાના પાસ રૂા ૨૫ રાખ્યો છે. અને લ્હાણીના રૂા. ૫૦ રાખ્યા છે. અને લ્હાણી Surprice રાખવામાં આવી છે. જેની નોંધ લેવા વિનંતી.

***- નીલમ પરીખ, સંયોજક - ૯૮૬૯૭૫૪૯૧૬***

# સંસ્થા સમાચાર

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૫૯મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ**

૫૯મી વાર્ષિક સામાન્ય સભા તા. ૫-૭-૦૯ રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રદીપ કડકિયાના સ્થાનેથી શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસે) ખાતે મળી હતી.

સંસ્થાના સંહમંત્રી શ્રી ભાવેશ મોદી એ ગત ૫૮મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોધનું વાચન કર્યુ હતુ. જેનો ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆ એ પ્રાથમિક તથા ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓને તેમની ગુણવત્તા મુજબ ઈનામોનુ વિતરણ કર્યું હતું.

સંસ્થાના મંત્રીશ્રી મંજુલ ધારીયાએ વર્ષ ૨૦૦૮-૦૯ના કાર્યનો અહેવાલ રજુ કર્યો હતો જેને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમત્તે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી હરેન્દ્ર મોદી એ વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના અન્વેશિત હિસાબ રજુ કર્યા હતા. અને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામા આવ્યા હતા.

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટે સંસ્થાના ઓડીટર તરીકે પી.એમ.ધારીઆની નીમણુક કરવામા આવી હતી અને જે સર્વાનુમત્તે ઠરાવ દ્વારા પસાર કરવામા આવી હતી. જેમા એમનુ માનદ્ મહેનતાણુ નક્કી કરવાની સત્તા કારોબારી ને આપવામાં આવી હતી.

ચુટણી અધ્યક્ષ શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી) એ તેમનો અહેવાલ રજુ કર્યો હતો જેમા શહેર વિભાગની ખાલી પડેલ ૪ બેઠકો માટે શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી, શ્રી અજીત નટવરલાલ મોદી, શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ અને શ્રી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પરિખ તથા ઉપનગરની ખાલી પડેલ ૩ બેઠકો માટે શ્રી નીમીષ બાબુલાલ ગાંધી, શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી અને શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદીને બીનહરીફ ચુટાયેલ જાહેર કર્યા હતાં એને ઠરાવ દ્વારા સર્વાનુમત્તે પસાર કરવામા આવ્યા હતા. પ્રમુખશ્રી એ ચુટણી અધ્યક્ષ શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકિયા (લટકારી)નો આભાર માન્યો હતો.

હાજર રહેલા સભ્યોએ નવયુવક સંઘના સંચાલન અંગેના વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા. જેના સંતોષકારક જવાબ આપવામા આવ્યા હતા.

અને પ્રમુખશ્રી એ હાજર રહેલા સભ્યોનો આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**૧લી કાર્યવાહક સમિતિનો અહેવાલ**

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ની કાર્યવાહક સમિતિની ૧લી બેઠક તા. ૫-૭-૦૯ રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ ખાતે મળી હતી. સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆના પ્રમુખ સ્થાને નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆએ સંસ્થાની ગત વર્ષની કાર્યવાહક સમિતિની ૧૨મી બેઠકની કાર્યનોધનું વાચન કર્યુ હતુ અને તે સવાનુમત્તે પસાર કરવામા આવી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા ઉપપ્રમુખ તરીકે શ્રી શીરીષ પરીખ, મંત્રીશ્રી મંજુલ ધારીઆ, સહમંત્રી શ્રી ભાવેશ મોદી અને શ્રી નીલેશ શાહ, ખજાનચી શ્રી હરેન્દ્ર મોદી તથા તંત્રી શ્રી નીખીલ પરીખની નીમણુક કરવામા આવી હતી, જેનો ઠરાવ સર્વાનુમત્તે પસાર કરવામા આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખશ્રી એ વિવિધ પ્રવૃત્તીઓ માટે સંયોજકની નીમણુક કરી હતી તથા બધા સભ્યોને પ્રવૃત્તીમા વેગ આપવા વીનંતી કરી હતી.

૬ નવા આજીવન સભ્ય પદની અરજીઓ આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામા આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**૨જી કાર્યવાહક સમિતિનો અહેવાલ**

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ની કાર્યવાહક સમિતિની બીજી બેઠક તા. ૨૪-૭-૦૯ શુક્રવારના રોજ સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ ખાતે મળી હતી, સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆના પ્રમુખ સ્થાને નીચે મુજબના મુદાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સંહમંત્રી શ્રી ભાવેશ મોદી એ સંસ્થાની ૧લી બેઠકનું કાર્યનોધનુ વાચન કર્યુ હતુ અને તે સર્વાનુમત્તે પસાર કરવામા આવી હતી.

મહિલા વિભાગના સંયોજક શ્રીમતી નીલમ પરીખ એ એમના બન્ને પ્રોગ્રામના હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમત્તે પસાર કરવામા આવ્યો હતો.

સંસ્થાના મંત્રીશ્રી એ વિવિધ પ્રવૃત્તીઓ માટેનું વાર્ષિક બજેટ તથા તેમની પેટા સમિતિના સભ્યોના નામો રજુ કર્યા હતા તે સર્વાનુમત્તે પસાર કરવામા આવ્યા હતા.

ઉપનગર ના સંયોજક શ્રી ગોપાલ કડકીઆ એ આ વર્ષે ઉપનગર ખાતે દાંડીયા રાસ તથા નાટક રાખવાનું સુચવ્યુ હતુ.

વસ્તી પત્રકના સંયોજક શ્રી જાસમીન શેઠ એમનો અહેવાલ રજુ કર્યો હતો અને તેમને જણાવ્યુ હતુ કે તેઓ વહેલી તકે વસ્તી પત્રકની છેલ્લી ડમ્મી સુધારા વધારા માટે મુકશે.

ક્રિકેટના સંયોજક શ્રી કીંજલ પરીખ એ એમનો અહેવાલ રજુ કર્યો હતો અને તેમને જણાવ્યુ હતુ કે આ વર્ષે બધી ટુર્નામેન્ટ ઉપરાંત ૧૬ વર્ષની નીચેની ઉમરના કિશોરો માટે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે. રસોત્સવના સંયોજક શ્રી સૌમિલ મોદીએ એમનો અહેવાલ રજુ કર્યો હતો અને તેમણે જણાવ્યું હતુ કે આ વર્ષે રસોત્સવ તા. ૨૫.૧૦.૦૯ રવિવારના રોજ રાખેલ છે. રસોત્સવના મુખ્ય મહેમાન તરીકે શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી)ના નામની જાહેરાત કરી હતી.

૩ સભ્યોની લીવ ની અરજી આવી હતી તે પસાર કરવામા આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

***સહમંત્રી :- શ્રી ભાવેશ બીપીન મોદી***
***મંત્રી :- શ્રી મંજુલ શૈલેશ ધારીઆ.***

## બાલાસિનોર નવયુવક સંઘ
## વસ્તી પત્રક અંગે સુચના

૧લી ડમી માં આવેલ કરેકશન જોતા જણાય છે કે જુજ લોકોએ ઉપર જણાવેલ ૧લી ડમી બુકમાં પોતાના નામની વીગત જોવાની અને કરેકશન કરવાની તસ્દી લીધી છે.

આપ સૌને વીનંતી કે હવે પછી ૩૦ June ૨૦૦૯ના રોજ મુકાયેલ ૨જી ડમીમાં આપ સૌ પોત પોતાના નામોની ચકાસણી જરૂરથી કરી લે. જેથી કરીને કોઈપણ જાતની ક્ષતી રહી ગઈ હોય અથવા કોઈ વીગત ભુલથી છપાઈ હોય તો સુધારી શકાય.

આપ સૌની સુવીધા ખાતર, આ ડમીની નકલ આપણી બાલાસિનોરની Website: www.balasinor.org પર અટક વાઈસ મુકવામાં આવેલ છે. તો આશા છે કે જો જાતે જઈને કરેકશન / ચેકીંગ ન થઈ શકે તો આપણી વેબસાઈટ પર પોતાની વસ્તી પત્રકની એન્ટ્રી ચેક કરી લેવી.

અને જો કોઈ ભુલ ચુક હોય તો Correction form ભરીને vadsol@balasinor.org પર email દ્વારા મોકલી આપવું. અને કદાચ જો કોઈ કરેકશનના હોય તો પણ Correction form entry O.K. લખીને ભરીને મોકલશો તો અમોને ખાતરી થશે કે તમારી વીગતો વ્યવસ્થીત છપાઈ છે અને અમોને વસ્તીપત્રક પ્રીટીંગનું કામ આગળ વધારવામાં મદદરૂપ થઈ રહેશે. વધુ વીગત માટે સંપર્ક કરવો.

**(Help us to Help you Better)**

**સંયોજક – જાસ્મીનશેઠ – ૯૨૨૩૩૮૦૧૫૬**
**મંત્રી મંજુલ ધારીયા – ૯૮૨૦૧૩૫૦૧૪**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વિવિધ પેટા સમિતિઓ - વર્ષ ૨૦૦૯-૨૦૧૦

**સ્વાસ્થ્ય યોજના / હોસ્પીટલ સહાય યોજનાઃ-**

શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ (લટકારી) (સંયોજક)
શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીઆ (લાલખા)
શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ (ફાડીયા)
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી

**પુસ્તક યોજનાઃ-**

શ્રી જગદીશ શાંતીલાલ પરીખ (સંયોજક)
શ્રી રાજુ મંગલદાસ પરીખ
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી
શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીઆ (લાલખા)
શ્રી જાસ્મીન બીપીન શેઠ

**રસોત્સવ સમિતિઃ-**

શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી (સંયોજક)
શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ
શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ.
શ્રી સમીર જયેન્દ્ર ગાંધી
શ્રી ચંન્દ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ
શ્રી જાસ્મીન બીપીન શેઠ
શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી
શ્રી દીપક નવનીતલાલ શાહ
શ્રી સંજય જયંતીલાલ શાહ

**ક્રિકેટ સમિતિ :-**

શ્રી કીંજલ પંકજ પરીખ (સંયોજક)
શ્રી નીહાર કડકીઆ
શ્રી ચીરાગ પરીખ
શ્રી નિરવ દેસાઈ
શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીયા (લાલખા)
શ્રી ચીંતક પંકજ પરીખ

**શ્રીજી મેડીકલેમ યોજના :-**

શ્રી ભરત કાંતીલાલ પરીખ (સંયોજક)
શ્રી ચેતન એમ. દેસાઈ
શ્રી નીમીષ બાબુલાલ ગાંધી
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ

**નોટ બુક રાહત યોજનાઃ-**

શ્રી દીશીત કીર્તનલાલ પરીખ (સંયોજક)
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ
શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીઆ.
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ
શ્રી નીમીષ બાબુલાલ ગાંધી
શ્રી દીલીપ નવનીતલાલ ધારીયા
શ્રી જગદીશ શાંતીલાલ પરીખ
શ્રી અજીત નટવરલાલ મોદી
શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીયા
શ્રી સમીર જયેન્દ્ર ગાંધી

**કોમ્પ્યુટર શિક્ષણ યોજના :-**

શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (સંયોજક)
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી
શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી
શ્રી ચંન્દ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ

**મહિલા વિભાગ :-**

શ્રીમતી નીલમ નીતીન પરીખ (સંયોજક)
શ્રીમતી રીટા મુકેશ ગાંધી
શ્રીમતી અલ્કા ભરત પરીખ
શ્રીમતી ઈંદીરા પ્રવિણચંન્દ્ર શાહ
શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ

શ્રીમતી પ્રફુલ્લા વીજય મહેતા
શ્રીમતી પ્રતીમા કીર્તિ ધારીયા
શ્રીમતી લીના મંજુલ ધારીયા
શ્રીમતી અમી હીતેશ ધારીયા

**જ્યોતિપુંજઃ-**

શ્રી નીખીલ બા. પરીખ (તંત્રી)
શ્રી જતીન એન.દેસાઈ
શ્રી ચેતન કાં.મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી
શ્રી નિકેશ જ. ગાંધી
શ્રી અમીત વી. પારેખ

**પરા વિભાગ (ઉપનગર વિભાગ) :-**

શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ (સંયોજક)
શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ.
શ્રી વસંત નટવરલાલ દેસાઈ
શ્રી દીક્ષીત કીર્તનલાલ પરીખ
શ્રી નીલેષ રમેશચંદ્ર શાહ
શ્રી ભરત કાંતીલાલ પરીખ
શ્રી નીતીન કીર્તનલાલ શાહ
શ્રી પંકજ શાંતીલાલ પરીખ
શ્રી દીલીપ નવનીતલાલ ધારીયા
શ્રી સુનીલ નવીનચંદ્ર મોદી
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ
શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી
શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીયા
શ્રી કમલેશ ચંદ્રકાંત મોદી
શ્રી બંકિમ રજનીકાંત પરીખ
શ્રી નીમીષ બાબુલાલ ગાંધી

**વસ્તી પત્રક સમિતિઃ-**

શ્રી જાસ્મીન બીપીન શેઠ (સંયોજક)
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી
શ્રી સમીર જયેન્દ્ર ગાંધી
શ્રી કીર્તિ હીરાલાલ કડકીયા
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ
શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી
શ્રી દીલીપ નવનીતલાલ ધારીયા
શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીયા
શ્રી ચંન્દ્રેશ પ્રવિણચંદ્ર કડકીયા
શ્રી સંજય જયંતીલાલ શાહ
શ્રી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ

**વસ્તીપત્રક (સલાહકાર) :-**

શ્રી જતીન નવનીતલાલ દેસાઈ
શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી
શ્રી કલ્પેશ સુરેશ ધારીયા

**મેમ્બરશીપ મેનેજમેન્ટ સમિતિઃ-**

શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (સંયોજક)
શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ
શ્રી દીલીપ નવનીતલાલ ધારીયા
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ
શ્રી ચંન્દ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી
શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી
શ્રી કલ્પેશ સુરેશચંદ્ર ધારીયા
શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ

**જનતા ફી સહાય યોજનાઃ-**

શ્રી નીખીલ નવનીતલાલ પરીખ (સંયોજક)
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી
શ્રી કીર્તિ હીરાલાલ કડકીયા

**વહીવટી ખર્ચ (એડમીનીસ્ટ્રેટીવ ખર્ચ):-**

શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીયા (પ્રમુખ)
શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા (મંત્રી)
શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી (ખજાનચી)

# Report of First Meeting of Balasinor Medical Association Member

The first meeting of members of Balasinor Medical Association was held on Sunday 21st June at Hotel Golden Wheel. The meeting was a great success as 35 member attended it out of 51 registered members

There was a brief introduction by each member present followed by announcement of Committee. The first Committee members of BMA are.

| | | |
|---|---|---|
| President | : | Dr. Kirit Mody |
| Vice -President | : | Dr. Rajat Mody & Dr.Nilesh Shah |
| Secrataries | : | Dr. Akshay Savak & Dr. Rajesh Parikh |
| Treasurer | : | Dr. Kiran Shah |
| Members | : | Dr. Jayesh Desai, Dr. Kaushik Desai, Mayur Desai, Dr.Rajeev Parikh, Dr. Mrs.Darshana Gandhi |
| Advisors | : | Dr. N.K.Shah & Dr. Ghanshyam Dharia |

Meeting was followed by sumptuous lunch.

We hope that remaining medico of our community will join the Association

Next meeting details will be informed to all members via email and SMS, so please forward your email id to Dr. Akshay Sevak .

***Kinnari Savak***

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન ઉપયુક્ત ટ્રસ્ટને દાતાઓ તરફથી નીચે મુજબ ન્યાસફંડ । દાન વચન પ્રાપ્ત થયા છે.

(૧)સ્વ. નિરંજનભાઈ મગનલાલ ગાંધી (છલકડીવાળા) રૂા.૧,૦૦,૦૦૦/-

(૨) સ્વ. જયવંતીબેન નિરંજનભાઈ ગાંધી (છલકડીવાળા) રૂા.૧,૦૦,૦૦૦/-

(૩) શ્રી પંકજ શાંતિલાલ પરીખ (જૂનાગઢવાળા) રૂા.૧૧,૦૦૦/-

આ ન્યાસફંડના વ્યાજમાંથી પ્રતિ વર્ષ જરૂરિયાતમંદ વિદ્યાર્થી મિત્રોને શૈક્ષણિક સહાય કરવામાં આવશે.

ઉપપ્રમુખ ન્યાસફંડ બદલ ટ્રસ્ટની કારોબારી સમિતિના ટ્રસ્ટીઓ સખાવતી દાતાઓનો હાર્દિક આભાર માને છે.

*- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*

*શરદ નટવરલાલ દેસાઈ, માનદ્ મંત્રીઓ*

## Tips for all the Balasinor Nivasi

### દરેક માતાપિતાને સૂચના

(૧) આકર્ષક એપલનો મરુનીશ રેડ કલર અને એની ઉપર ચળકાટ લાવવા માટે વેકસનું પાતળું લેયર કરવામાં આવે છે માટે હરકોઈ માતાપિતા પોતાના બાળકોને એપલ છાલ છોલીને જ ખવરાવશો. નાના મોટા દરેક જણ એપલ છાલ સાથે ન ખાતાં છોલીને જ ખાશો. છાલમાં વિટામીન હોય છતાં તેનો મોહ છોડી એપલ છાલ છોલીને જ ખાશો.

(૨) મેગીનું બહારનું પેકેટ લાવો તો પહેલાં પેકેટમાંથી મેગીને બહાર કાઢી પ્રથમ તેને પાણીથી ધોઈ ને ગેસ પર કુક કરશો એમાં ઉમેરાયેલા દ્રવ્ય પાણીમાં ધોવાથી નીકળી જાય પછી જ તેને કુક કરશો.

*Tvisha Manjul Dharia*

## SOME GOOD REASONS TO AVOID HITTING OR PHYSICALLY PUNISHING CHILDREN

- When we lose control we may want to lash out at someone and sadly, many of us take it out on our children. Children are dependent upon adults for care protection and should not be subjected to physical violence.
- Children never deserve to be physically hit or abused and learn nothing useful from such action.
- Many parents and caregivers find caring for children a very difficult job. Seek help rather than hurt a child.
- Physical punishment does harm children, even though there are many adults who belive chil dren need to be hit, strapped or punished in some other way and look on it as a " disciplinary" measure. They might say "It didn't do me any harm". So in the same way they discipline their own and others children.
- What they don't realise is they are continuting the cycle of abuse, and the belief that physical punishment is a way to resolve conflict!
- Violence increases conflict!
- Physical Violence against children is harmful and can cause serious injuries.

**Alternative to hitting your child or using physical punishment**

- stop and think! stop back, sit down.
- Take a few really deep breaths. Exhale slowly.
- put your child in a safe place (cot,room)and leave for a few moments.
- Count to 20.or 100 if you like - say the alpha bet out loud.
- Walk around your home, go outside until you calm down.
- Phone a friend or a relative and talk about any thing-don't be afraid to ask for help.
- Still mad? Punch a pillow.
- Make yourself a warm drink.
- Put on your favourite music or radio program.
- Pull weeds out. Water the garden.
- Write a list of all the things you like about your child.
- Write a list of all the things you like about your self
- Put your feet up and read
- If your child is old enough explain why you are angry.

**IT IS BETTER TO HUG THAN HIT!**

- Ask yourself why you are going to hit your child?
- Ask yourself will taking it our on your child really make things better? will it help your child act in a better way?

REMEMBER : WHATEVER YOU DO-MAKE SURE. FIRST OF ALL - THAT YOUR CHILD IS SAFE.

101 Alternatives to whacking a child-

A book where Australian children give their own light hearted contribution and words of wishdom. visit www.napcan.org.au

**TRY TO BE POSITIVE**

Praise works better than punishment so use "DO" rather than "Dont".

Show children what they should do-not just what they shouldn't.

Explain reasons for asking them to do things. "Because I Say so" teaches nothing for next time.

Try to avoid nagging - the more you nag the less they'll listen.

When children do something wrong. EXPLAIN the mistake and how to put things right.

**GOOD DISCIPLINE MEANS WORKING WITH YOUR CHILDREN NOT AGAINST THEM**

REMEMBER children learn by example

- Listen to them and respect their point of view but consider all aspects of the situation be fore making a decision.
- Respond when they're being a pleasure and they probably won't seek your attention by whining.
- Communicate and work out solution with your child.
- Set sensible and reasonable limits for their behaviour which are appropriate to the age.

understanding and level of development of the child.

Childern learn right from wrong by copying their parents - if you hit them. they'll think it's okay to hit too.

REMEMBER: Hitting people is wrong-and children are people, too!

Tell children you love them-they need to know that.

**What is Physical Child Abuse?**

Physical child abouse is any non-accident injury or pattern of injuries to a child. that endangers or impairs the child's physical or emotional health and development.

It is freauently a pattern of behaviour Occurring over a period of time. The longer it goes on, the more serious the effects on the visctims-the child, the family and the community.

**Children are peolpe too**

Children deserve the same level of protection from assault as adults. Physical puncishment destroys a child's dignity. There is increasing evidence that physical punishment has serious long-term effects on some children. It teaches them that problems are best solved by using violence and does not lead to improved behaviour. Children learn self-control and responsible behaviour when treated with respect.

## બાલાસિનોરનું ગૌરવ

કુ.જિલ (નીશીથ રસીકલાલ પરીખ તથા ભઆવિની નિશીથ પરીખ (બખલી)ની સુપુત્રી યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરીકાની ટીફીન એવીએથન સ્કુલમાંથી પાયલોટ તરીકે ઉત્તીર્ણ થયા છે અને બાલાસિનોરની પ્રથમ મહીલા કોમર્શીયલ પાયલોટ તરીકે કારકીર્દી ધરાવે છે. પાયલોટ તરીકે કારકીર્દી ધરાવેછે. હાલ તેઓ Asstt Flight Instructor ની કામગીરી બજાવે છે. તેઓને ખૂબજ શુભેચ્છા તથા અભિનંદન.

### ''કર્મ''

લાખની કાયા તારી, રાખમાં ભળી જશે !
છોડી જગની માયા તું, પ્રભૂ શરણ ધરી દેજે.
વિતેલા ભૂતકાળને વાગળતો ના રહેજે,
ભવિષ્યની ચિંતા કરી, ચિંતા નાહક વહોરજે
વર્તમાનને નિહાળી, કાળને પારખજે.
કાળ, કાળના બની રહે, ચેતનવંતો રહેજે.
ક્ષણભંગુર દેહ કાજે, કેટલું તું સંઘરશે !
અર્થ અહીંનું અહીંજ છોડી,ના સંગ તું લઈ શકે.
''કર્મ તું એવું કરજે, નામ અમર બની જશે !
પુષ્પ જેમ સુવાસ અર્પે, સુવાસ મહેતું રહેશે'.

''ચાંદશા''

### શ્યામને પામી શકુ

એક 'મીરા' શબ્દને સમજી શકું,
તો જ હું તો શ્યામને પામી શકું
આ મળ્યો છે પ્રેમ તારો એટલો,
હું હવે આકાશને સ્પર્શી શકું.
એક બારી તું ઉઘાડી રાખજે !
રૂપ તારું આંખમાં ઝીલી શકું
શબ્દ પંખી ઉડતું આવે અને
હું ગઝલમાં દર્દને ઘુંટી શકું

*- શીરીષ જ પરીખ*

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડ

માનનીય શેર હોલ્ડરભાઈઓ-બહેનો,

૨૩મી વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે પસાર થયેલા ઠરાવ મૂજબ ૨૦૦૮-૦૯ના વર્ષનું ૧૫ ટકા ડીવીડન્ટ તા. ૨૧-૦૮-૦૯ થી કામકાજના દિવસોમાં બપોરના ૧૨ થી ૪ ના સમય દરમ્યાન સોસાયટીના કાર્યાલયમાં આપવામાં આવશે.

***વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લિમીટેટ***
***(કારોબારી સમિતિ વતી)***

# પ્રેમ :-

પ્રેમના અનેક પ્રકાર છે. પતિપત્નીનો પ્રેમ, માબાપનો પ્રેમ સંતાન નો પ્રમે, ભાઈ-બહેનનો પ્રેમ, ભાઈ–ભાઈનો પ્રેમ વગેરે. આમાંથી અહીં પતિપત્નીના પ્રેમની પરીભાષા તેમજ પ્રેમી પ્રેમીકાના પ્રેમનો પ્રણયરસ રજુ કરું છું.

'પ્રેમ છે, એટલા માટે પ્રેમ માગી શકું નહીં.
ક્ષમા નાથ, નહિં એ મે જાણેલું મનની મહી.'

'પ્રેમ' આ શબ્દમાં કેટલી મીઠાશ છે. પ્રેમ એટલે ત્યાગ પ્રેમ એટલે વિશ્વાસ, પ્રેમ એ હકીકત છે, છતાં હું તમારી સમક્ષ રજુ કરી શકતો નથી. કવિ 'કાન્તે' પ્રેમને માટે ત્યાગની ભાવના કહી છે તેમની દ્રષ્ટિએ પ્રેમમાં બદલાની ભાવના ના હોય. વાસનાને સ્થાન ન હોય. પણ સમર્પણની ભાવના હોય. પ્રેમીને જોતા હૃદયમાં લાગણીનો પ્રવાહ ધોધની માફક વહેવા માંડે એ જ સાચો પ્રેમ એક શાયરે કહયું છે કે

**'મેરી મહોબ્બત કો ઠૂકરાદે ચાહે**
**મે કોઈ તુઝસે ના શીકવા કરુંગા**
**આંખોમેં રહેતી હે તસવીર તેરી**
**સારી ઉમર તેરી પૂજા કરુંગા.'**

પ્રાચીન કાળમાં નજર કરીએ તો લૈલામજનૂનો પ્રેમ, શીરી ફરહાદનો પ્રેમ, 'સોહની મહિવાલ'નો પ્રેમ જે અમર પ્રેમ કહેવાય છે. કારણ આજે પણ આપણે એમને યાદ કરીએ છીએ. શાહજહાઁ એ પોતાની પત્ની મુમતાઝને એટલો પ્રેમ કર્યો હતો કે એના મૃત્યુ પછી તેની યાદમાં 'તાજમહેલ' બનાવ્યો હતો. જે ખુબ પ્રચલિત છે. પણ મારી દ્રષ્ટિએ આવા પ્રેમને અતિશયોક્તિ કહેવાય. જેમાં નર્યું ગાંડપણ હતુ કારણ શાહજહાઁ એ પોતાની પત્નીની યાદમાં બનાવેલો તાજમહેલ જે દુનિયામાં આઠમી અજાયબી ગણાય છે. એવો તાજમહેલ આબેહુબ ફરી કોઈ ન બનાવે એ માટે હજારો મજુરો જેમણે તાજમહેલ બનાવ્યો હતો તેમના હાથના કાંડા કાપી નાખ્યા હતા. હજારો મજુરો પર જુલ્મ કરી પોતાનો પત્નીપ્રેમ જાહેર કરનારને તમો શું કહેશો ? આવા પતિપ્રેમથી અકળાઈને મુમતાઝ પણ બોલી ઉઠે છે.

'અરે ઓ તાજ! જોનારા તને આ ગુલઝાર લાગે છે. ને ઢળતી ચાંદનીમાં આરસ તણો અવતાર લાગે છે. પણ મળે જો શાહજહાઁ તો આટલો પૈગામ દઈ દેજે કે નીચે સૂતેલી મુમતાઝને પથ્થર તણો ભાર લાગે છે.''

સતયુગમાં દૃષ્ટિ કરીએ તો વાસુદેવની પહેલી પત્ની રોહીણીનો પ્રેમ મહાન કહેવાય. વાસુદેવે બીજી પત્ની દેવકી સાથે અનેક વર્ષો કારાવાસમાં વિતાવ્યા, પણ રોહીણીતો નંદબાબાને ઘેર એકલી રહીને પ્રેમને સાકાર કર્યો, એવી જ રીતે લક્ષ્મણની પત્ની ઉર્મીલાનો ત્યાગ પણ મહાન છે. સીતાજી તો રામ ભગવાનની સાથે વનમાં ગયા હતા. જ્યારે ભાઈની સેવા કરવા સાથે જનાર લક્ષ્મણની પત્ની ઉર્મીલા તો પતિ વગર ચૌદ વરસ અયોધ્યામાં એકલી રહી છતાંએ ઉર્મીલાના ત્યાગની મહિમાનો આખા રામાયણમાં ક્યાંયે ઉલ્લેખ નથી.

વ્રજની ગોપીઓ અને કૃષ્ણ ભગવાનનો પ્રેમ પણ અનેરો છે. એક દિવસ કૃષ્ણ ભગવાનને માથુ સખત દુઃખે છે. ત્યારે ભગવાન તેમના મિત્ર ઉધ્ધવજીને કોઈપણ વ્યક્તિની ચરણરજ લઈ આવવા કહે છે. ચરણરજ માથે લગાડવાથી માથાનો દુઃખાવો મટી જશે. એમ ભગવાન કહે છે. ભગવાનની ચરણરજ લઈ આવવા કહે છે. ચરણરજ માથે લગાડવાથી માથાનો દુઃખાવો મટી જશે. એમ ભગવાન કહે છે. ભગવાનની ચરણની રજ આપણાં માથે લેવાય પણ આપણી ચરણરજ ભગવાનને માથે કેમ ચઢાવાય? પાપ લાગે તેથી કોઈ ચરણરજ આપવા તૈયાર થતું નથી. ત્યારે

વ્રજની ગોપીઓ પોતાના ચરણની રજ આપવા તૈયાર થાય છે. ગોપીઓ કહે છે 'ભલે અમને પાપ લાગે, અમે પાપનું ફળ ભોગવવા તૈયાર છીએ પણ અમારા ભગવાનને માથું દુઃખે એ અમારાથી સહન નહીં થાય', આને કહેવાય 'નિર્મળ પ્રેમ' એટલે તો ગોપીઓને 'પ્રેમની ધજા' કહેવાય છે.

આમ સાચા પ્રેમના અલગ અલગ ઘણા ઉદાહરણ છે. પતિપત્નીમાંથી એક જણની અંતિમવિદાય બીજા માટે અસહ્ય બને છે. છતાં તેના વગર જીંદગી જીવવી પડે છે. એક શાયરે કહયું છે કે.

**''કબર પર ફુલ મૂકી ચાલી ગયા તે શું તમારી પ્રીત છે ?**
**પ્રેમી તો કબર પર કબર ચણે ને એ જ સાચી પ્રીત છે''**

પણ આ શક્ય નથી. આપણે કાંઈ સારસ-સારસી નથી કે જે સાથે જીવે છે ને સાથે મરે છે. કોઈ કોઈની પાછળ જતું નથી આ દુનિયામાં એકલા આવ્યા છીએ ને એકલા જવાનું છે. ભીંત અને કરો બંને સાથે પડતા નથી. સિવાય કે કુદરતી કોપ અથવા અકસ્માત થાય તો. આપણે કઈ સતી સાવિત્રી પણ નથી કે યમરાજા પાસેથી પતિનો જીવ પાછો લાવીએ, પણ આખી જીંદગી પતિપત્ની પ્રેમ, વિશ્વાસ, સમર્પણની ભાવના સાથે જીવે એ જ સાચું જીવન છે. એમાંજ જીવનની સાર્થકતા છે.

***-અમીતા અજીતકુમાર પરીખ.***

# પૈસા નું ગ્રુપ...!!!

મનુષ્ય જ્યારે જન્મે છે ત્યારે તેનું વજન અઢી કિલો
હોય છે.
અને અગ્નિસંસ્કાર બાદ તેની રાખનું વજન પણ
અઢી કિલો જ હોય છે.
જીંદગીનું પહેલું કપડું જેનું નામ ઝભલું,
એમાં ખીસું ન હોય.
તો વચગાળાનાં ખીસા માટે આટલી બધી ઉપાધી
શા માટે ?
આટલી બધી દોડધામ શા માટે ?
લોહી લેતા ગ્રુપ ચેક કરાય છે,
પૈસો લેતા જરાક ચેક કરજો, એ કયા ગ્રુપનો છે ?
ન્યાયનો છે ? હાયનો છે ? કે હરામનો છે ?
ખોટા ગ્રુપનાં પૈસા ઘરમાં આવી જવાથી જ
આજે ઘર ઘરમાં અશાંતિ, કલેશ, કંકાસ છે.
હરામનો ને હાયનો પૈસો,
જીમખાનાને દવાખાના, ક્લબોને બારમાં પૂરો થઈ જશે.
ને તને ય પૂરો કરી જશે.
બેન્ક બેલેન્સ વધે પણ જો ફેમિલી બેલેન્સ ઓછું થાય
તો સમજવું કે પૈસો આપણને સૂટ નથી
થતો...ભઈલા.
હાય પૈસા હાંય પૈસા કરતાઆપણું જીવન પુરૂ થાય છે.
લક્ષ્મી સારા માંર્ગે આવે સારા માર્ગે જાય તો સાચુ
જીવન.

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમાં સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કાં., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી. ***સંયોજક - સમીર ગાંધી, મંત્રી- મંજુલ ધારીઆ***

## મુક્તકો

કામના બસ એક છે, શિવથી મિલન થઈ જાયને,
જીવ મુક્તિને વરે ને, જનમ ના લેવો પડે એને,
સંસારી સંબંધો સઘળા, શક્ય તેટલા છેદીને,
વર્ષોથી વિખૂટો પડેલ જીવ, શિવમાં જઈને ભળે.

આકાંક્ષા અને માનવી ઓછી કરે,
આપમેળે આગ્રહો ઓછા થશે,
અશાંતિ ઘટશે, આગ્રહો ઓછા થતા,
અંતમાં ચીરશાંતિને સુખ કેરી પ્રાપ્તિ થશે.

માનવીનું મૃત્યુ તો સૃષ્ટિ કેરો એક ક્રમ દિસે,
જન્મ દેતા પહેલા, નિયંતાની તે શરત દિસે,
અન્યોએ આપી જગ્યા, તમને જગતમાં આવવા,
અવરને આપી જગ્યા, મૃત્યુને વરવાનું દિસે.

જે ઘડી જે થાય છે તે પૂર્વનિર્મિત હોય છે,
માનવી નાહક નકામો, કર્તાનો જશ ગાય છે,
સાક્ષીભાવે સૃષ્ટિની ઘટનાઓને નિરખી જુઓ,
પરમસુખને શાંતિની થાશે, અનુભૂતિ તત્ક્ષણે.

માનવને મળવા નીર મહાસાગર કેરા ઉત્સવ દિસે,
છોડી લાજ નિસ્વાર્થ ભાવે, આલિંગવા ઉછળતા દિસે,
માનવી બસ માત્ર એક જ પ્રાણી છે જગતમાં કે જે,
સ્વાર્થ વિણ મળવુ તો ઠીક તે મંદિરે પણ નવ દિસે.

વિશ્વની સઘળી સમસ્યાના ઉકેલો હોય છે,
પ્રત્યેક સમસ્યાને તેનો કાલાવધિ પણ હોય છે,
માનવી નિશ્ચિત થઈને ધૈર્ય જો ધારણ કરે,
પ્રત્યેક મુશ્કેલીઓમાંથી પાર ઉતરી જવાય છે.

***-સતીશચંદ્ર ભી. પરીખ (રોકડીયા)***

## મને ચરણ કમળમાં લ્યો

(૧) મને ચરણ કમળમાં લ્યો,
મેવાડના શ્રીજીબાવા, મેવાડના શ્રીજીબાવા
મને ચરણ કમળમાં લઈ દર્શનદયો
મેવાડના શ્રીજી બાવા...
(૨) મને ચરણ કમળમાં લ્યો,
દવારકાધીશના દવારકેશજી, દવારકાના દ્વારકેશજી
મને ચરણ કમળમાં લઈ, સેવાનો લાભ આપો,
દ્વારકાધીશના દ્વારકેશજી...
(૩) મને ચરણ કમળમાં લ્યો,
ગોકુળના ગોકુલનાથજી, ગોકુલના ગોકુલનાથજી
મને ચરણ કમળમાં લઈ, ભગવત સ્મરણ
નો લાભ આપો.
ગોકુલના ગોકુલનાથજી
(૪) મને ચરણ કમળમાં લ્યો, ચંપારણ્યના વલ્લભજી
ચંપારણ્યના વલ્લભજી,
મને ચરણ કમળમાં લઈ ઝારીજીનો લાભ આપો
ચંપારણ્યના વલ્લભજી
(૫) મને ચરણ કમળમાં લ્યો, યમુનાઘાટના
મહારાણીમા, યમુના ઘાટના મહારાણી
મને ચરણ કમળમાં લઈ, અન્નકુટનો
લાભ આપો, અનન્નકુટનો લાભ આપો
યમુનાઘાટના મહારાણીમા

***-દક્ષેશ દેસાઈ***

તુમ સા ઠાકુર છાંડિ કે

અબ ઔર કહાં મેં જાઉં
ઈતની કૃપા કરો પ્રભુ મુઝપર
નિશ દિન દર્શન પાંઉ
જાણી મેં ઐસા રસ ભરદો
ગુણ તુમરે હી ગાઉ
ઔર કહીં ના ઝુકે શીશ યહ
તવ ચરણાન શીશ નમાઉં

***-બ્રીજ શરણ ગાંધી (કાનપુર)***

# સહૃદય સખા

**હે ભગવાન,**

એક ખુશીની વાત કરવાની છે, આજે એક પ્રકાશકની દુકાને થોડા પુસ્તકો લેવા માટે ગઈ હતી. ત્યાં એક અજાણ્યા સજ્જનની સાથે પરિચય થયો. એ ભાઈ 'મિત્રતા' વિશેનું પુસ્તક શોધતા હતા. તેમને 'મિત્ર' વિશેનાં થોડાં કોટેશન જોઈતા હતા. કેમ કે તેમને એક મિત્ર સાથેની મૈત્રીને પચ્ચીસ વર્ષ પૂરાં થયા છે. એની ખુશાલીમાં એક નાની પાર્ટીનું આયોજન કરેલ છે. આ વાતથી મને આનંદ, આશ્ચર્ય અને અહોભાવની લાગણી થઈ. મેં તેમને અભિનંદન આપ્યા. આજનાં ઝડપી યુગમાં પચ્ચીસ વર્ષ સુધી મિત્રતા ટકી રહે, અને વળી એની ઉજવણી થાય એ ઉમદા વાત છે. સરાહનીય છે. પ્રેરણાત્મક છે. નહીંતર આજે તો હાલત એવી થઈ છે કે મિત્ર સુદામા તેના નાના મોટા કામ માટે આવ્યો હોય. ત્યારે કૃષ્ણ તેનાં આલિશાન, ભવ્ય બંગલામાં કલર ટી.વી. જોતા આરામ ફરમાવતા હોય અને સુદામાની સાથે તેનો સેક્રેટરી વાત કરીને વિદાય કરી દયે.

માણસને તેના માતા-પિતા, ભાઈ-બહેન, સગા સંબંધીઓ તો કુદરતદત્ત છે. એમાં માણસ ધારે તો પણ ફેરફાર કરી શકતો નથી. જ્યારે સૌજન્યશીલ મિત્રની પસંદગી પોતે કરી શકે છે. તે નાની સૂની વાત નથી. જીવનમાં મિત્રનું સ્થાન નોખું અનોખું હોય છે. ઘણી વખતે કટોકટીનાં સમયમાં સગા-સબંધીઓ ખસી જતા હોય છે. ત્યાં મિત્ર કશા સ્વાર્થ વગર મિત્રભાવે, પ્રેમભાવે હાજર થઈ જાય છે.

હે ભગવાન, તું મારો પિતા છે, માતા છે એ તો ખરું સાથે એક સારો મિત્ર પણ છે. તું મારો આવો સારો, મહાન મિત્ર છો, એટલે તો દિલની વાતો તારી સાથે થઈ શકે છે. તારી શ્રેષ્ઠ મિત્રતાની વાત તો જગજાહેર છે. ને વળી સનાતન છે. નાનપણમાં ગુરુજીનાં આશ્રમમાં સુદામા તારું ધ્યાન રાખતા હતા. એ સુદામા તેના કટોકટીનાં સમયમાં પ્રેમથી એક મુઠ્ઠી પૌંઆ લઈને તારી પાસે આવ્યા. ત્યારે એના બદલામાં તે એના ઝૂંપડાની સામે મહેલ ખડો કરી દીધો. વળી તારી આપવાની રીતરસમ પણ કેવી ઔદાર્યભરી રહી. સુદામાજીને સંકોચ ન થાય. એ રીતે તેને હાથોહાથ આપવાને બદલે પરોક્ષ રીતે આપ્યું. મિત્રને આપતી વખતે તારી ઊંડી સમજણ અને મહાનતાનું એ ઉત્તમ ઉદાહરણ છે. ખરેખર તારા પ્રત્યે માન થાય એવું છે.

દ્રૌપદીનો તું સહૃદય સખા. તને હાથમાં લાગી ગયું હતું ત્યારે સુભદ્રાજી પાટો બાંધવા માટે કપડું શોધવા ગયા હતા. જ્યારે દ્રૌપદીએ પોતાનું કીમતી વસ્ત્ર ફાડીને તને પાટો બાંધી દીધો હતો. આ કાંઈ પિકચરનાં એક દૃશ્યની વાત નથી એ હું જાણું છું. ખરેખર એ તારા જીવનની હૃદયસ્પર્શી ઘટના છે. તારા સ્મરણમાં આ વાત સચવાઈ રહી હતી. દ્રૌપદીનાં અસહ્ય સંજોગોમાં તેં એની કેટલી સાડીઓથી આબરુ ઢાંકી દીધી. તું કોઈનું ઋણ માથે નથી રાખતો, અને મિત્રતા નિભાવવામાં અવ્વલ નંબરે આવે એવો છે. હું તારા આ સ્વભાવથી ઘણી પ્રભાવિત છું.

મારા સદ્નસીબ છે કે મારા ચાર પાંચ મિત્રો છે. જીવનમાં સારા મિત્ર મળે એ આનંદની વાત છે. હું પણ સંનિષ્ઠ મિત્ર બનવાની કોશિશ કરતી હોઉં છું. મિત્રતા વિશે તો ઘણી વાત થઈ શકે એમ છે. ક્યારેક નિરાંતે વાત કરશું.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧. જ્યોતિબેન અરૂણભાઈ દેસાઈ (ગોલા)**
દહાણુકર વાડી, ૩૦૨, દાની વિશ્વ લક્ષ્મી ગોખલે રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
મોબાઈલ નં. ૯૮૧૯૯૮૨૦૨૨.

**૨. રવિન્દ્ર ચીમનલાલ કડકીઆ (ફાડીયા)**
ભુમિ આર્કેડ બિલ્ડીંગ નં.૧, ફ્લેટ નં.૧૦૪
આત્મારામ સાવંત માર્ગ,
અશોકચંદ્ર વિ.તિ.મુખ્યમાર્ગ
કાંદિવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૧૦૧
ફોન : ૯૮૨૦૨૧૯૯૨૩

**૩. યોગેશ મણીલાલ કચેરીયા**
૩૫-૫૫ સ્વામી સમર્થનગર
૨જે માળે રૂ.નં.૩૬, કાઉલેન
મુંબઈ - ૪૦૦૦૦૪

**૪. દેસાઈ મહેશચંદ્ર રમણલાલ**
**દેસાઈ સંદીપ મહેશચંદ્ર**
**દેસાઈ મનીષ મહેશચંદ્ર**
૯૩/૨, બકુલ બગાન રોડ
ભોંયતળિયે, મકબેરાયા સ્કુલની બાજુમાં
કલકત્તા - ૭૦૦૦૨૫
ફોન : ૦૩૩-૩૨૪૨૪૧૫૬

**૫. પરીખ સુધીર કાંતીલાલ**
**પરીખ નૈનેશ સુધીર**
Eskay Eejay Society,
Flat No A/18, 4th Floor
Saibaba Nagar, Borivali (W)
Mumbai - 400092

**૬. બીપીન પરીખ - હંસા પરીખ**
ઉપહાર એપાર્ટમેન્ટ
એ/૨ ગ્રાઉન્ડ ફલોર
એસ.વી.પી.રોડ, પ્રેમ નગર
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
ફોન :- ૨૮૯૧૫૪૬૫

**૭. નીતા રશ્મિન શેઠ**
દ્વારકેશ પાર્ક, એ૪૭ ૪થે માળે
ભાટીયા સ્કુલની સામે
સાઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૯૨
ફોન : ૨૮૬૧૦૮૮૩/૯૮૬૭૨૨૫૪૦૧

**૮. જયંતિલાલ છગનલાલ કડકીઆ**
બી/૧૦૫ રાજ આર્કેડ, મહાવીર નગર
દહાણુકર વાડી, કાંદિવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૬૭

**૯. હેમાંગ રમણીકલાલ મોદી (ચોધરી)**
૪૦૯ બી શંકરશેઠ પેલેસ
દાદાજી જાવજી માર્ગ, તારદેવ
મુંબઈ - ૪૦૦૦૦૭
ફોન : ૨૩૮૮૯૬૦૮

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| મધુસુદન રમણલાલ ગાંધી | ૭૩ |
| કોકીલાબેન લક્ષ્મીદાસ મોદી (બાલી) | ૭૫ |
| કાંન્તીલાલ ચંદુલાલ મહેતા (પડાલવાળા) | ૮૯ |
| ઈંદુબેન નવીનચંદ્ર શાહ (વડોદરાવાળા) | ૭૪ |
| જયંવતીબેન નિરજન ગાંધી (છલકડીવાલા) | ૭૩ |

ચક્ષુદાન કરેલ છે.



**ચક્ષુદાન**

**જયંવતીબેન નિરજન ગાંધી (છલકડીવાલા)**

## તેજસ્વી તારલા

(૧) **પ્રતિક ભુપેન્દ્ર કડકીઆ (ખાસાદાર) એ** S.S.C ની પરીક્ષામાં ૮૪.૧૫ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી તેઓને અભિનંદન.

(૨) **પાર્થ રાજેશ કડકીઆ** F.Y.J.C. (Comm) માં જયહિન્દ કોલેજમાંથી 63.30% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી તેઓને અભિનંદન.

(૩) University of New South Wales Australia દ્વારા કરાયેલ International Assesment For Indian School માં બિરલા સ્કુલમાંથી પુરવ વિરલ ગાંધીએ મેથ્સ તથા સાયન્સમાં હાઈએસ્ટ માર્કર્સ મેળવ્યા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

(૪) મહેતા ધર્મીની ચેતન (પડાલવાળા) Master of Pharmacy માં પ્રથમ વર્ગમાં ડીસ્ટીંક્શનમાં ઉત્તીર્ણ થયા છે અને PHD ના વધુ અભ્યાસ માટે ત્રણ વર્ષ ઓસ્ટ્રેલીયા જવા રવાના થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન અને શુભકામના.

(૫) **ધ્રુવી ભરત ધારીઆ** CBSE માં ૯૬ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી તેઓને અભિનંદન

(૬) ખુશબુ નીલેશ કડકીઆ (બેરા) MHT-CET માં 92.5 % માર્કસ સાથે ૧૬૭મી રેન્ક મેળવી ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

૭. રૂચિ હિતેશ પરીખ H.S.E માં 91.38 % માર્કર્સ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન

૮. દિવ્યા સંદીપ દેસાઈ (કલકત્તા) ICSE માં 92 % માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

૯. કરિશ્મા વિજય શાહ (ચકવા) વડોદરાની નાલંદા કોલેજમાં BBA ના પ્રથમ વર્ષમાં 81 % માર્કસ મેળવી ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી અભિનંદન.

૧૦. પૂજા અશોક કડકીઆ 3rd Year Bsc માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

૧૧. ફિયોના સંજય મહેતા MHT-CET પરીક્ષામાં 183 % માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી અભિનંદન.

૧૨. જય શૈલેશ શાહ Post Graduate Diploma in Hotel Management માં ન્યુઝીલેન્ડથી ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી અભિનંદન.

૧૩. અવીશ શ્રેયાંશ પરીખ ICSE પરીક્ષામાં 91% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી અભિનંદન.

## કાંદિવલીમાં વસતા બાલાસિનોર વાસીઓનું સમુહ ભોજન (વર્ષ ૩૫મું)

કાંદિવલીમાં વસતા બાલાસિનોર વાસીઓનું સમુબ ભોજન તા. ૩૦-૮-૦૯ના રવિવારના રોજ રાખેલ છે. કાંદિવલીમાં વસતા તમામ બાલાસિનોર વાસીઓને સવારે ૧૧ કલાકે સમુહભોજનમાં નીચેના સ્થળે પધારવા વિનંતી છે.


**સ્થળ :-** ઠક્કાઈ ભાટિયા સેવા ફંડ હોલ નં-૨
ભોયતળિયે, શંકરગલી કોર્નર
શોપર્સસ્ટોપની સામે, કાંદિવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૬૭

**નોંધ :-** કાંદિવલીમાં નવા રહેવા આવેલા સર્વેને પણ સમુહભોજનમાં પધારવા વિનંતી છે.


3rd Cover Page

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | ૨ મહીના | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | ૨ મહીના | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | ૩ મહીના | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | ૩ મહીના | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Address of Training Centre**

**Raj Software Technology (India) Ltd.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | Marine Lines | (2) | Grant Road | (3) | Andheri (W) |
| (4) | Vile Parle (E) | (5) | Jogeshwari (W) | (6) | Malad (E) |
| (7) | Malad (W) | (8) | Kandivali (W) | (9) | Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306**

**Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2**

*સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી – મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ*